# આત્મિક જીવન



સાધુ સુંદર સિંગ

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન
એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

# આત્મિક જીવન

❑

લેખક

**સાધુ સુંદરસિંગ**

❑

અનુવાદક

**ડૉ. હેમિલ્ટન સત્વેદી**

❑

ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ

( ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટી )

સાહિત્ય સેવાસદન

એલિસબ્રિજ - અમદાવાદ-૩૮૦ ૦૦૬.



**સ્વ. શ્રીમતી એમ. એમ. દાસ**

**સ્વ. શ્રીમતી એમ. એમ. દાસની સ્નેહસ્મૃતિમાં** પ્રગટ થતા આ પુસ્તક માટે આપણા ઉત્તમ દાનવીર શ્રી એમ. એમ. દાસ તરફથી રૂા. ૨૦૦૦/-નું દાન મળ્યું છે.

**THE SPIRITUAL LIFE**
**Originally Published by**
**Christian Literature Society**
**Madras-3**

**આત્મિક જીવન**
દ્વિતીય આવૃત્તિ
૧૯૯૨

નકલ : ૨,૦૦૦
**મૂલ્ય**
**રૂા. ૪/-**

● પ્રકાશક ●
**ગુજરાત ખ્રિસ્તી સાહિત્ય મંડળ**
સાહિત્ય સેવાસદન
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬

● મુદ્રક ●
**મારુતિ ઑફસેટ પ્રિન્ટર્સ**
એન. આર. એસ્ટેટ,
અભય એસ્ટેટની સામે,
તાવડીપુરા, દૂધેશ્વર
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
**ફોન : ૩૧૨ ૩૧૨, ૩૪૫ ૫૫૯**

## • બીજી આવૃત્તિના પ્રકાશન પ્રસંગે...

સાધુ સુંદરસિંગ એ ભારતના આધ્યાત્મિક આકાશમાં એક ઝળહળતા સિતારા સમાન છે, અને આજે પણ પોતાનું આત્કિ અજવાળું ભારતનાં બધાં રાજ્યોમાં અને વિદેશોમાં પણ પ્રસારી રહ્યા છે. તેમણે લખેલાં પુસ્તકો ગુજરાતીમાં ખૂબ લોકપ્રિય બન્યાં છે, **'આત્મિક જીવન'** અંગેનું તેમનું પુસ્તક પરમ પિતાની મહાન કૃપામાં બીજી આવૃત્તિમાં પ્રવેશ્યું તે આપણા સૌને માટે મોટા આનંદની વાત છે. આ પુસ્તકના વાચન દ્વારા ઘણાં માણસોને- ખ્રિસ્તી અને બિનખ્રિસ્તી- મોટો આત્મિક લાભ થાય તે જ શુભેચ્છા અને ઈશ્વર પ્રત્યે પ્રાર્થના છે.

**– ભગવતપ્રસાદ ચૌહાણ**
સેક્રેટરી

•

## • નિવેદન

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બૂક સોસાયટીએ સંત સાધુ સુંદરસિંગે પોતાના જીવનકાળ દરમ્યાન લખેલ તમામ આઠ પુસ્તિકાઓનો ગુજરાતી અનુવાદ શક્ય તેટલી ઝડપથી પ્રગટ કરવાનો ઉત્તમ નિર્ણય લીધો હતો. પ્રકાશનની આ યોજના હેઠળ નીચેની ત્રણ નવી પુસ્તિકાઓ પ્રગટ થઈ ચૂકી છે. (૧) સત્યની શોધ (૨) વાસ્તવિકતા તથા ધર્મ (૩) આત્મિક સંસાર.

આ પ્રકાશનો અગાઉ ટ્રાક્ટ સોસાયટીએ **ગુરુને ચરણે, સાચું જીવન** અને **સાચું મોતી** એ ત્રણ ગુજરાતી અનુવાદો બહાર પાડ્યા હતા. આમ હવે ટ્રા. સો. દ્વારા કુલ્લે છ પુસ્તિકાઓ અત્યાર અગાઉ પ્રગટ થઈ ચૂકી છે.

**આત્મિક જીવન** નામથી સાધુ સુંદર સિંગકૃત હારમાળાની આ સાતમી પુસ્તિકા પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ. હવે કેવળ એક જ પુસ્તિકા-ખ્રિસ્ત સહિત, ખ્રિસ્ત રહિત- બાકી રહે છે, અને તે પણ ટૂંક સમયમાં બહાર પડશે. અમને વિશ્વાસ છે કે, ગુજરાતી ખ્રિસ્તી સમાજ જે સાધુ સુંદર સિંગના નામથી અને તેમણે કરેલ અદ્‌ભુત કાર્યથી વાકેફ અને પ્રભાવિત છે તે તેમણે લખેલ તમામ પુસ્તિકાઓ ખરીદશે, વાંચશે અને તેના ફેલાવા અને પ્રચારના કાર્યમાં ટ્રા. સો.ને સાથ અને સહકાર આપશે.

સરળ શૈલી અને સચોટ ઉદાહરણોની મારફતે સાધુજી જે આત્મિક ખોરાક તૈયાર કરીને તેમના આત્મિક જીવન અને અનુભવોનો વારસો આપણા માટે મૂકી ગયા છે તેનો લાભ ઉઠાવવો એ આપણને સાંપડેલી ઉત્તમ તક ઉપરાંત આ પુસ્તિકામાં રહેલ આત્મિક શિક્ષણનું મનન કરીને તેનો પ્રચાર કરવો તે ખ્રિસ્ત ઉપર વિશ્વાસ કરનાર દરેકની પવિત્ર ફરજ થઈ પડે છે.

આ પુસ્તિકાનો ગુજરાતી ભાષામાં અનુવાદ પ્રગટ કરવા આપેલ પરવાનગી માટે ક્રિશ્ચિયન લિટરેચર સોસાયટી (C.L.S.) મદ્રાસનો આભાર વ્યક્ત કરીએ છીએ.

સાહિત્ય સેવાસદન
અમદાવાદ

**– હેમીલ્ટન સત્વેદી**
સેક્રેટરી, ગુ.ટ્રા.બૂ. સોસાયટી

## આમુખ

### થી રાઈટ રેવ. એ. એફ. વીનીંગ્ટન ઈનગ્રામ

(ભૂતપૂર્વ બિશપ ઑફ લંડન)

આ પુસ્તિકામાંનાં સરળ પ્રવચનો અને વિલક્ષણ દૃષ્ટાંતોનાં મૂલ્યની કદર કરવા, સાધુ સુંદર સિંગને જોવાની અથવા તેમનું રસિક જીવનવૃત્તાંત વાંચવાની જરૂર છે. પૂર્વના એક ભગવા ઝભ્ભાધારી અને જૂના મઠવાસી ભિક્ષુ માફક લોકોના દાનધર્મ ઉપર આધાર રાખનાર સંન્યાસી અગાઉ કદી બન્યું ન હતું તેમ પ્રભુ ઈસુ માટે શ્રોતાજનો જીતવામાં સફળ નીવડ્યો હતો.

લંડન ડાયોસિસના પાળકોને સંદેશો આપવા ચર્ચ હાઉસમાં ભરાયેલ સભાનું મેં પ્રમુખસ્થાન સંભાળ્યું ત્યારે તેમનો પ્રભાવશાળી દેખાવ અને તેમના સત્ય છતાં અલૌકિક સંદેશાઓની શક્તિ જોઈને મારા ઉપર ઊંડી છાપ પડી હતી.

તમારે યાદ રાખવું જોઈએ કે પોતાના વિશ્વાસને કારણે દરેક પ્રકારની સતાવણી અને મુશ્કેલીઓ તેમણે સહન કરી હતી; રાની પશુઓ સાથે વસવાટ કર્યો હતો; તેઓને જીવતા દાટી દેવાયા, છતાં તેમણે શાંત અને ગંભીર વિશ્વાસ ચાલુ રાખ્યો જે આ નાની પુસ્તિકામાં જીવતાં દેખાય છે.

મને વિશ્વાસ છે કે, આ પુસ્તિકાનું વાચન તેના વાચકોને આ સાધુ જેવી વ્યક્તિનું જીવન અને ચારિત્ર્ય વધારે કાળજીથી તપાસવા તરફ દોરી જશે, કારણ કે જો ખ્રિસ્તી ધર્મને પૂર્વની સજાવટમાં રજૂ કરાય છે ત્યારે આપણા ભારતીયજનોની પ્રભુ ઈસુ માટે વફાદારી જીતવાનું શક્ય બને છે.

**– એ. એફ. લંડન**

ફુલહામ પેલેસ
લંડન (S.W.)

# ✧ પ્રસ્તાવના ✧

આપણા આત્મિક જીવનનાં કેટલાંક પાસાંઓ ઉપરનાં કેટલાંક મનનો, અને દેવને માનનાર દરેક વ્યક્તિને જ્યારે તે પોતાના આત્મિક જીવનની જુદી જુદી કક્ષામાંથી પસાર થાય છે ત્યારે જે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તે નાની પુસ્તિકામાં મેં આલેખ્યાં છે.

કદાચ મેં દર્શાવેલી કેટલીક બાબતો સાથે બધા સહમત ન પણ થાય; અને જો થાય તો તે વિચિત્ર લાગશે. કોઈ બે માણસો, રૂપ અને વિશિષ્ઠ લક્ષણોમાં બિલકુલ સરખા ન હોઈ શકે; અને જો બધા જ જોવાની અને સાંભળવાની શકિતમાં સરખા નથી, એ રીતે દરેક માણસની આત્મિક વાનાં ગ્રહણ કરવાની શકિત તેના સ્વભાવ, તેના અનુભવ અને તેની આત્મિક દૃષ્ટિ ઉપર આધારિત છે. મૂળ સિદ્ધાંતોમાં કોઈ મતભેદ ન હોઈ શકે, પરંતુ ઘણું કરીને એવો મતભેદ મહત્ત્વ વગરના મુદ્દાઓમાં હશે. કારણ કે ઈશ્વર જ્યારે પોતાની ઈચ્છા પ્રદર્શિત કરે છે ત્યારે દરેક મનુષ્યની આત્મિક કક્ષા અને ક્ષમતાને ધ્યાનમાં લે છે. આ કારણથી એક બાબત જે એક વ્યકિતને ચાલુ સમય કરતાં આગળ વધેલી લાગશે તો બીજાને નિરર્થક અને વાસી જેવી લાગશે.

વધુમાં, ઈશ્વરની શકિત કે પ્રેરણાથી પ્રગટ થયેલ કેટલાંક સત્યો, જે ઈશ્વરી સંગત અને પ્રકાશથી કેટલાક મનુષ્યોએ આલેખ્યાં છે, તેનો અર્થ પામવા ઘણા નિષ્ફળ નીવડે છે. ઈશ્વરી સંગત માણવાના કોઈ ખાસ અનુભવ વગર, તેઓ ઈશ્વર વિષેના પોતાના સિદ્ધાંતોનું સમર્થન પોતે જ કરે છે અને અનાવશ્યક છોતરાં માટે કૂતરાઓ જેમ હાડકાં માટે લડે છે તેમ લડે છે. પરંતુ જેઓએ ઈશ્વર સાથેની સંગત કેળવી છે અને જેઓ આ બિનફાયદાકારક ઝઘડાઓની ઉપરવટ છે તેઓ પોતાના વ્યકિતગત અનુભવના ભંડારમાંથી, 'જૂની અને નવી બાબતો' કાઢે છે અને બીજાઓ તે માનશે કે નહિ તેની પરવા કર્યા વગર તેની સાક્ષી આપે છે.

આ પુસ્તિકાનો ઉર્દૂમાંથી અંગ્રેજીમાં અનુવાદ કરવા રેવ. ટી. ઈ. રીડલનો, અને પ્રુફરીડીંગ કરવા માટે મીસ ઈ. સેન્ડર્સનો આભાર માનું છું.

– સુંદરસિંગ

સબાઠૂ-સિમલા
ઑગસ્ટ, ૧૯૨૫

# અનુક્રમણિકા


| | | પૃષ્ઠ |
|---|---|---|
| બીજી આવૃત્તિના પ્રકાશન પ્રસંગે... | | IV |
| નિવેદન | | V |
| આમુખ : ધી રાઈટ રેવ. એ. એફ. વિનીંગ્ટન ઈન્ગ્રામ (તે સમયના લંડનના બિશપ) | | VI |
| પ્રસ્તાવના | | VII |
| ૧. | ગુરુ સાથે એકાંતમાં | ૧ |
| ૨. | પરમેશ્વર માટે માનવી આકાંક્ષાઓ | ૩ |
| ૩. | શું ઈશ્વરને ઓળખી શકાય ? | ૬ |
| ૪. | દુઃખ અને પીડા | ૧૨ |
| ૫. | વિરોધ અને ટીકા | ૧૮ |
| ૬. | દુષ્ટતા શું છે ? | ૨૧ |
| ૭. | દુષ્ટ વિચારોની અસર અને જીવનો | ૨૩ |
| ૮. | પ્રભુ ઈસુ મય જીવન | ૨૬ |
| ૯. | અંતે તમામ મનુષ્યોનું ઈશ્વર તરફ પુનરાગમન થશે | ૨૯ |
| ૧૦. | નૈતિકતા અને સુંદરતા | ૩૨ |
| ૧૧. | દેવનું રાજ્ય | ૩૫ |
| ૧૨. | સેવા અને ત્યાગ | ૩૮ |

## (૧.) ગુરુ સાથે એકાંતમાં

(૧) ગુરુ પોતાના ત્રણ પસંદિત શિષ્યોને પહાડ ઉપર ફકત આરામ માટે લઈ ગયા ન હતા. તેઓને સાથે લઈ જવાનું કારણ આ હતું કે, ત્યાં તેઓ તેના દૈવી સ્વરૂપના મહિમાની સત્યતાની ઝાંખી કરી શકે જેના પ્રકટીકરણની તૈયારી તેઓ તેની સાથેની દરરોજની સંગત દ્વારા કરતા હતા. તેઓએ તેના ચમત્કારો જોયા હતા; અને તેના અજાયબ શબ્દો, જેવા કોઈ કદી બોલ્યું ન હતું તે સાંભળ્યા હતા. પરંતુ તેના કરતાં પણ કંઈક વધારે જરૂરનું હતું કે તેઓ ત્યાં વંદનીય આરાધના અને આશ્ચર્યચકિત સ્થિતિમાં રહી શકે. એ ઘણું અગત્યનું હતું કે, તેઓ પોતાની રોજની ભરચક પ્રવૃત્તિઓને છોડીને પર્વતના શાંત એકાંતમાં તેના દૈવી વ્યકિતત્વના અત્યુત્તમ મહિમા સંબંધી ચિંતન કરી શકે. આ ઉપરાંત કેવળ તેના દુન્યવી સ્વરૂપનું માત્ર પ્રકટીકરણ પૂરતું ન હતું. એ જરૂરનું હતું કે, તેઓનાં ચક્ષુઓ પણ ખોલી નાંખવામાં આવે; કારણ કે તેઓની આત્મિક આંખો ઊઘડ્યા સિવાય તેઓ પ્રભુ ઈસુનો ચહેરો કે તેની સાથેની મુસા અને એલિયાહની સંગત ન જોઈ શક્યા હોત. તે જ પ્રમાણે તેઓના કાન પણ ખોલવાની જરૂર હતી, કારણ કે કાન ખોલ્યા સિવાય તેઓ 'તેના થનાર મરણ' સંબંધીના પરમેશ્વરના પોતાના શબ્દો 'તેનું સાંભળો' (લુક ૯ : ૨૮-૩૬) ન સાંભળી શક્યા હોત.

પરમેશ્વર પ્રભુ ઈસુમાં માનવ બન્યો અને તેની મારફતે બોલે છે; અને કેમ અને કેવી રીતે પ્રશ્નો પૂછ્યા વગર આપણે પૂરી આરધીનતામાં તેની પાછળ ચાલવું જોઈએ. પરંતુ દુનિયાના ખલેલ પમાડનાર અવાજો બંધ કર્યા વગર આપણે તેનો મધુર અવાજ સાંભળી શકતા નથી, અને પૂરા હૃદયથી ઈચ્છા ન રાખીએ ત્યાં સુધી તેને જોઈ શકતા નથી કે તેની સંગત માણી શકતા નથી. જો આપણે પોતે ચૂપ ન રહીએ, તો બીજાઓ શું કહે છે તે સાંભળી શકતા નથી, અને જ્યાં સુધી તેઓની વાત ઉપર સંપૂર્ણ ધ્યાન આપતા નથી ત્યાં સુધી તે સમજી પણ શકતા નથી આથી આપણા આકાશમાંના બાપનો અવાજ સાંભળવા માટે આપણે તેની સંમુખ શાંત રહેવું અને આપણા પૂરા મન અને હૃદયથી તલ્લીન બનવું, કારણ કે જેઓ તેને ખંતથી શોધે છે, તેઓને તે હજુ પણ પ્રગટ થાય છે. આટલું જ નહિ, પરંતુ જેઓ આ રીતે તેની શોધ કરે છે તેઓને એ ત્રણ શિષ્યો જેઓને પ્રભુ ઈસુની સંગતને કારણે મુસા અને એલિયાહની સંગતનો આનંદ

પ્રાપ્ત થયો તેમ, સંતોની સંગતનો વિશિષ્ટ અધિકાર પ્રાપ્ત થશે.

(૨) આ પવિત્ર સંગત આપણે કેવળ દુનિયાઈ પ્રગતિ માટે જ ન શોધવી જોઈએ; જેમ પેલા બે શિષ્યોએ માગ્યું કે જ્યારે તે તેના મહિમાવંત રાજ્યમાં આવે ત્યારે તેઓ રાજાના જમણા અને ડાબા હાથે બેસે. (માર્ક ૧૦ : ૩૫-૩૭). તેથી ઊલટું, મરિયમે વધારે સારું પસંદ કર્યું કે, તેણે પ્રભુના સિંહાસન પાસે ઊંચી જગ્યાએ નહિ, પરંતુ જીવનદાયક વચનો સાંભળવા માટે તેના પગ પાસે બેસવામાં સંતોષ માન્યો. 'તેણીએ સારો ભાગ પસંદ કર્યો, જે તેની પાસેથી લઈ લેવામાં આવશે નહિ.' (લુક ૧૦ : ૩૯-૪૨).

(૩) મનનમાં ઈશ્વર શબ્દો દ્વારા નહિ, પરંતુ હૃદય દ્વારા વાત કરે છે, અને જો આપણે નમ્રપણે આપણાં હૃદયો તેની પાસે લાવીએ, તો સંપૂર્ણ જીવનનો ઝરો તેની હાજરી સાથે આપણાં હૃદયોમાં વહેવા માંડશે. છલકાતા ઝરાની પાસે મૂકેલું વાસણ ભરાઈ જાય છે તે જ પ્રમાણે જે પોતાનું હૃદય તેને સ્વીકારવા નમ્ર બનાવે છે તેનામાં ઈશ્વરની ખરી શાંતિ અને આત્મા વહેવા માંડશે.

હ્યુગોએ કહ્યું, 'પોતામાં નીચે ઊતરવું તે ઈશ્વર આગળ ઊંચે ચઢવાનો માર્ગ છે'

'હું ઉચ્ચસ્થાને તથા પવિત્રસ્થાને રહું છું. વળી જે અંતઃકરણથી પશ્ચાત્તાપ કરે છે તથા નમ્ર છે તેની સાથે પણ વસું છું.' (યશાયાહ ૫૭ : ૧૫).

હીલ્ટનના આ શબ્દો છે, 'દૃષ્ટાંતમાં વર્ણવેલા ખોવાયેલા સિક્કા માફક પ્રભુ ઈસુ ખોવાયા છે, પરંતુ કયાં ? તારા ઘરમાં એટલે કે, તારા આત્મામાં. તેને શોધવા તારે રોમ કે યરૂશાલેમ દોડી જવાની જરૂર નથી. તે તો તારા હૃદયમાં, જેમ તે વહાણમાં ઊંઘી ગયો હતો તેમ સૂતેલો છે; તેને તારી ઉત્સુકતાની મોટી બૂમથી જાગ્રત કર. આમ છતાં, હું આ માનું છું કે, તે તારામાં ઊંઘે છે એથી વધારે સમય તું તેનામાં સૂતેલો છે.'

પ્રાર્થનાના પર્વતના એકાંતમાં ચઢ્યા પછી, અને ત્યાં તેની સંગત પામ્યા પછી, આપણે પેલા શિષ્યોએ ઈચ્છા કરી તે પ્રમાણે સમય વ્યર્થ બગાડવો જોઈએ નહિ. તેઓએ ત્યાં રહેવા માટે ત્રણ માંડવા બાંધવાની યોજના કરી; પરંતુ, નવી શકિત પામ્યા પછી, આપણે માનવી દુનિયામાં પાછા ફરવું જોઈએ જેથી જે જવાબદારી આપણને તેણે સોંપી છે તે પરિપૂર્ણ કરી શકીએ. ●

## (૨.) પરમેશ્વર માટે માનવી આકાંક્ષાઓ

(૧) આપણા અનુભવ મારફતે આપણે જાણીએ છીએ કે, ઈશ્વરને ઓળખવા માટેની જે ઈચ્છા આપણા હૃદયોમાં ઉત્પન્ન થાય છે તે કેટલી દૃઢ હોય છે ! જંગલમાં પાણીનું ઝરણું ન મળે ત્યાં સુધી હરણ દુઃખી થાય છે, તે જ પ્રમાણે માનવી હૃદયમાં પણ ઈશ્વરને ઓળખવાની તૃષા જામે છે, અને જ્યાં સુધી તે તેને પામતું નથી ત્યાં સુધી અશાંત રહે છે. હૃદયનો આ તલસાટ મનુષ્ય ઘણી રીતે શાંત પાડવાની કોશિશ કરે છે, પરંતુ તે ઈશ્વરને પામતો નથી ત્યાં સુધી આ ઈચ્છા તૃપ્ત થતી નથી. સંપૂર્ણ સંતોષ તેનામાંથી જ મળે છે, જેણે હૃદય અને તેમાં રહેલી ઈચ્છા આ બન્ને ખોરાક ઉત્પન્ન કર્યા છે. હોમરે કહ્યું છે કે, 'પક્ષીનાં બચ્ચાંઓ જેમ ખોરાક માટે ચાંચ પહોળી કરે છે, તે જ પ્રમાણે તમામ મનુષ્યો ઈશ્વરને મેળવવા આતુર હોય છે.'

એક વખતે પર્વતોની મુસાફરી દરમ્યાન એક ખડક ઉપર હું આરામ લેવા બેઠો. ખડક નીચે એક વૃક્ષ હતું જેમાં એક પક્ષીનો માળો હતો, જેમાંથી નાનાં બચ્ચાંઓની ચીસ સાંભળી. મેં જોયું કે, માદા-પક્ષી ખોરાક લઈને આવી પહોંચી હતી, અને જેવો તેઓએ તેની પાંખોનો ફફડાટ સાંભળ્યો કે, તરત ચીસો પાડવાનું શરૂ કર્યું; પરંતુ માતાએ જ્યારે ખોરાક પહોંચાડ્યો અને ઊડી ગઈ ત્યારબાદ તેઓ શાંત પડી ગયાં. હું માળો જોવા ગયો અને જોયું કે, તેઓ આંખો ઉઘાડી શકે તેટલાં મોટાં ન હતાં; છતાં માતાને જોયા વગર, તેઓ જ્યારે તે પાસે આવતી ત્યારે મોં ખોલતાં હતાં. તેઓએ જો એમ કહ્યું હોત કે, 'માતાને કે ખોરાકને જોયા વગર અમારું મોં અમે ઉઘાડીશું નહિ, કારણ કે અમે જાણતાં નથી કે તે અમારી માતા છે કે દુશ્મન છે; અથવા તેની ચાંચમાં અમારે માટે ખોરાક છે કે ઝેર છે, તો તે જોવાની તેમને તક જ ન મળી હોત; કારણ કે તેઓની આંખ ઊઘડે તે અગાઉ તો ભૂખને કારણે તેઓ મૃત્યુ પામ્યા હોત. પરંતુ તેઓમાં માતાના પ્રેમ માટે કોઈ સંદેહ ન હતો, અને થોડા દિવસ બાદ

તેઓની આંખ ઊઘડે ત્યારે પોતાની વહાલી માતાને જોવાથી તેઓ આનંદ પામે, અને માતાના સ્વરૂપ પ્રમાણે વૃદ્ધિ પામતાં પામતાં એક દિવસ ઊડી જવાને તેઓ શક્તિમાન બને.

ચાલો, વિચારીએ કે, આપણે જેઓ સૃજેલાં તમામ પ્રાણીઓમાં શ્રેષ્ઠ ગણાઈએ છીએ તેઓ, આ નાજુક બચ્ચાંઓ કરતાં પણ અર્થહીન નથી, કારણ કે ઘણી વાર આપણા આકાશવાસી બાપની હયાતી અને પ્રેમ સંબંધમાં આપણા મનમાં સંદેહ પેદા થાય છે. પ્રભુ ઈસુએ કહ્યું, 'જેઓએ મને જોયો નથી છતાં વિશ્વાસ કર્યો છે તેઓને ધન્ય છે.' (યોહાન ૨૦ : ૨૯). આપણે, જેઓ ઈશ્વરને સત્કારવા આપણા હૃદયનાં દ્વાર ખુલ્લાં કરીએ છીએ, તેઓ તેની પાસેથી આત્મિક ખોરાક પામી શકીએ છીએ, અને સમય જતાં આપણી સંપૂર્ણ કક્ષાએ પહોંચીશું, અને જ્યારે તેને નજરોનજર નિહાળીશું ત્યારે તેની હાજરીમાં સદાકાળ સુધી આનંદ કરીશું.

(૨) એક ડાહ્યા માણસ માટે કહેવાય છે કે, એક વાર તે ત્રણ માણસોને રસ્તા ઉપર મળ્યો. પહેલો માણસ ફિક્કો, સૂકો અને ભયભીત જણાતો હતો. તેણે તેને પૂછ્યું, 'શા માટે તું આવી ખરાબ હાલતમાં છે ?' તેણે જવાબ આપ્યો, 'મને નર્કાગ્નિમાં ફેંકી દેવામાં આવે તે વિચાર મને હંમેશાં સતાવે છે.' ડાહ્યા પુરુષે કહ્યું, 'આ ઘણી દુઃખદ વાત છે કે, ઈશ્વરની બીક, જે જ્ઞાનનું મૂળ છે, તેને બદલે ઉત્પન્ન કરેલી વસ્તુ (નર્કનો અગ્નિ)ની તમને બીક છે ! તમારી ભક્તિ સાચી નથી. નર્કના અગ્નિમાંથી બચવાની આશાથી તમે જાણે કે એક પ્રકારની લાંચ આપી રહ્યા છો.'

બીજો પુરુષ દુઃખ અને ચિંતાથી બળી રહેલો દેખાયો. ડાહ્યા માણસે તેને પૂછ્યું, 'તમે શા માટે આવા દુઃખી અને શોકથી ભરેલા છો ?' તેણે જવાબ આપ્યો, 'મને બીક છે કે, મને સ્વર્ગના સુખ અને શાંતિથી દૂર રાખવામાં આવે !' ડાહ્યા પુરુષે જવાબ આપ્યો, 'આ શરમની બાબત છે કે, તમે ઉત્પન્નકર્તાનો અને તેના પ્રેમનો વિચાર પડતો મૂક્યો છે, અને સ્વર્ગ જે તેણે ઉત્પન્ન કર્યું છે તે મેળવવાની ઈચ્છાથી ઈશ્વરનું ભજન કરો છો.'

આ બે જણ સાથે વાત કર્યા બાદ તે ત્રીજી વ્યક્તિને મળ્યો, જે ઘણી આનંદી અને સંતોષી દેખાઈ. તેણે તેને તેનામાં રહેલા આનંદ અને શાંતિ વિષે પૂછ્યું. તેણે કહ્યું, 'ઈશ્વર જેણે મને તેનું ભજન આત્માથી અને સત્યતાથી કરવાનું શીખવ્યું, તેની સમક્ષ મારી સતત પ્રાર્થના હોય છે કે, તે એવું કરે કે, હું તેને ખરા હૃદય અને આત્માથી ચાહું, અને કેવળ પ્રેમથી જ તેની સેવા અને ભજન કરું. જો હું નર્કની બીકથી તેની ભક્તિ કરું, તો હું તેમાં જ ફેંકાઈ જાઉં, અને જો સ્વર્ગપ્રાપ્તિની ઈચ્છાથી તેનું ભજન કરું, તો તે મને સ્વર્ગથી દૂર રાખે; પરંતુ જો હું ખરા પ્રેમથી તેનું ભજન કરું, તો તેનું પ્રકટીકરણ મારી નજર સમક્ષ રહે, જેથી મારું હૃદય તેના પ્રેમ અને હાજરીથી ભરાઈ જાય.'

(૩) તેનું ભજન કરવાને બદલે જો આપણે આપણું ચિત્ત તેની ઉત્પન્ન કરેલી વસ્તુઓ મેળવવા તરફ લગાડીએ, અને તેને મેળવવાને બદલે ભૌતિક વાનાં મેળવવા કોશિશ કરીએ, તો આપણે ખચીત જગતના ઉત્પન્નકર્તાને તજી દીધો છે. પરંતુ એક સમય એવો આવશે, જ્યારે આપણે ઉત્પન્ન કરેલી વસ્તુઓને પાછળ છોડી દઈશું, અને આપણાં પાપથી કલુષિત અને નાલાયક જીવનો સિવાય બીજું કંઈ બાકી નહિ રહે. પરંતુ જો તમામ ભૌતિક વાનાંઓ તરફથી આપણી પીઠ ફેરવી લઈશું, અને ઈશ્વર તરફ ફરીશું, તો તેની સાથે આપણે બીજી તમામ બાબતો મેળવીશું. દુનિયાઈ મનુષ્ય જે ઈશ્વરને નહિ, પરંતુ પોતાને શોધે છે, તે અંતે જાણશે કે, તેને માટે તેના શ્રમિત જીવન અને તેની શિક્ષા સિવાય બીજું કંઈ બાકી રહેતું નથી. પોતાને શોધવામાં તે બીજું બધું ગુમાવે છે; તે ઈશ્વરને કે પોતાને પણ પામી શકતો નથી.

●

## 3. શું ઈશ્વરને ઓળખી શકાય ?

(૧) નાસ્તિકો ઈશ્વરનું અસ્તિત્વ નકારે છે, પરંતુ તેઓમાંનો કોઈ એવું સાબિત કરી શકતો નથી કે, ઈશ્વર છે જ નહિ. જો આપણે થોડી વાર માની લઈએ કે, નાસ્તિકોની બિનઆધાર માન્યતા ખરી છે, તો તેઓનાં જ્ઞાન અને સત્યને બદલે એ બાબત તેઓના અજ્ઞાનની સાબિતી પૂરશે, કારણ કે, જો તેઓ કહે કે, ઈશ્વર નથી, તો જે વસ્તુનું અસ્તિત્વ જ નથી, એવું ઈશ્વરનું બિનઅસ્તિત્વ પુરવાર કરવામાં સમય બગાડવો વ્યર્થ છે. આથી બીજી ઉપયોગી બાબતોમાં જે સમય વાપરી શકાય તેવો સમય આવી રીતે વેડફી નાખવો તે મૂર્ખાઈ છે. જેમ તમામ આત્મિક પ્રકાશવાળી વ્યક્તિઓ માને છે તેમ જો પિતાનું અસ્તિત્વ નથી, એમ સાબિત કરવાનો પ્રયાસ કરવો તે વધારે મૂર્ખાઈ છે. 'મૂર્ખે પોતાના મનમાં કહ્યું કે, ઈશ્વર નથી.' (ગીતશાસ્ત્ર ૧૪ : ૧). આમ કહેવાથી તે ઈશ્વર નથી એમ બિલકુલ સાબિત કરી શકતો નથી, પરંતુ પોતાનો આત્મિક અંધાપો અને તેને ઓળખવાની અશક્તિ પુરવાર કરે છે. જ્યારે તે પોતાની જોરદાર દલીલોની રજૂઆત કરે છે, ત્યારે તે એક નબળા જંતુ જેવો છે, જે પોતાની દલીલ મારફતે સૂર્ય નથી, તેવું પુરવાર કરવા કોશિશ કરે છે, જે દલીલ જન્મના આંધળાઓ સિવાય બીજા તમામ માટે કોઈ કસ વગરની હશે.

કોઈ કદાચ એવી દલીલ કરે કે, જો વ્યક્તિ કે ચીજ તરફના આપણા વિશ્વાસથી આપણે નુકસાનકારક વહેમ ફેલાવીએ છીએ, તો આવા વહેમો દૂર કરવા તે આપણી ફરજ થઈ પડે છે. પરંતુ ઈશ્વર તરફના વિશ્વાસથી શું કદી કોઈને નુકસાન પહોંચ્યું છે ? કદી નહિ ! પરંતુ એથી ઊલટું, ઈશ્વરની બીક અને પ્રેમને લઈને જે અસંખ્ય આશીર્વાદો વહે છે તેનાથી વિશ્વાસ કરનારાઓ સમૃદ્ધ બન્યા છે. સકળ જીવનના ઝરા વિષે કંઈ બોલવું કે લખવું તે કરતાં, બીજી કોઈ મોટી મૂર્ખાઈ નથી; કારણ કે આમ કરવાથી આપણે તેની માનહાનિ કરીએ છીએ, અને તેની વિરુદ્ધ

પાપ કરીએ છીએ; એટલું જ નહિ, પરંતુ આમ બીજાઓને ઈશ્વરના સ્વભાવનું ખરું જ્ઞાન પામવાથી રોકીએ છીએ, અને તેઓને અને આપણી જાતને વિનાશમાં સામેલ કરીએ છીએ.

(૨) અજ્ઞેયવાદીઓ ઈશ્વરના અસ્તિત્વમાં માનતા નથી, તેમ જ નકારતા પણ નથી. તેઓ કહે છે કે, આપણે જાણતા નથી અને જાણી શકતા પણ નથી; પરંતુ આ એક ભૂલ છે, કારણ કે, આપણી દરેક ઈચ્છાને હેતુ હોય છે, અને આપણે પોતામાં ઈશ્વર ઉપર વિશ્વાસ કરવાની કોઈ ઈચ્છા ઉત્પન્ન ન કરી શક્યા હોત, સિવાય કે, તે ઈચ્છા પૂરી કરનાર ઈશ્વરનું ખરેખર અસ્તિત્વ હોય.

માતાથી જન્મેલા બાળકને પોતાનું અલગ અસ્તિત્વ છે. પોતાના નાનકડા રસ્તે તે પોતાની માતાને પ્રેમથી ચાહે છે, પરંતુ તેની માતા તેને જેવી રીતે ઓળખે છે, અને ચાહે છે, તેટલી હદે તે માતાને ઓળખતું નથી. જેમ જેમ તે મોટું થાય છે તેમ તેમ માતાને વધારે સારી રીતે ઓળખે છે, અને તેની સંગતમાં વધુ આનંદ મેળવે છે. એ જ રીતે, અનંત ઈશ્વરને આપણે જે રીતે ઓળખવો જોઈએ, તે રીતે ઓળખવા આપણું જ્ઞાન પણ અનંત હોવું જોઈએ. પરંતુ એનો અર્થ આ નથી કે આપણે ઈશ્વરને કદી ન ઓળખી શકીએ, કારણ કે, આપણી પ્રગતિના દરેક તબક્કે આપણે તેને ઓળખી શકીએ, અને તેની જીવંનદાયક હાજરીથી આનંદ લૂંટી શકીએ. અત્યારે તો આ સિવાય વધારે જાણવાની શી અગત્ય છે ? ભવિષ્યમાં જ્યારે આત્મિક કદમાં વૃદ્ધિ પામવાનું ચાલુ રાખીએ, ત્યારે તેના વિષે વધુ અને વધુ જાણી શકીશું. જો ચાલુ હાલતમાં તેને બરોબર ન ઓળખી શકીએ, તો ઉતાવળા થવાનું કોઈ કારણ નથી; કારણ કે અનંત ઈશ્વરને ઓળખવા અનંતકાળ પડેલો છે. આપણી પાસે જે પ્રકાશ છે તે પ્રમાણે જો ચાલીએ, તો જે કક્ષાએ આપણે પહોંચ્યા છીએ, તે તબક્કાના વિકાસ માટે જે જરૂરિયાતો ઊભી થાય છે, તેટલાના સંબંધમાં જ હાલમાં આપણા માટે તેને ઓળખવો બસ છે.

(૩) હાલના તબક્કે જો ઈશ્વરને સંપૂર્ણ રીતે ઓળખવાનું આપણા માટે જરૂરી હોત, તો તે જરૂરિયાતો તેણે પૂરી પાડી હોત; કારણ કે તેનાં

સૃજેલાં માનવોની ખરેખરી જરૂરિયાતો પૂરી પાડવા જે સારું અને ઉપયોગી છે તેની વ્યવસ્થા તે કરે છે. ઈશ્વર પણ માગે છે કે, આપણે ખંતથી તેને વિષે વધુ જાણીએ, કારણ કે, આપણને તેના વિષેનું તૈયાર જ્ઞાન આપવામાં આવે તેને બદલે આપણી પોતાની મેળે અને આપણા પોતાના હિતના આવેગથી શીખવાની કોશિશ કરવી તે આપણા માટે વધુ લાભદાયક છે. માર્સલે કહ્યું છે કે, 'કોઈ શીખનાર પોતાના માનસિક પરિશ્રમથી જે શોધી કાઢે છે તે જે બાબતો તેને બીજાઓ મારફતે કહેવામાં આવે છે તેના કરતાં વધારે જ્ઞાન પમાડનાર છે.' આપણી સભાનતામાં જ્યાં સુધી વિચાર ન કરીએ ત્યાં સુધી અમુક બાબત ખરેખર કેવી છે તે કદી જાણી શકીએ નહિ, અને જે જાણીએ તે કેવળ કોઈપણ વસ્તુનું અપૂર્ણ જ્ઞાન હોય છે. 'મનુષ્ય પોતે વિશ્વાસ કરે તે અગાઉ જે જ્ઞાન મેળવે છે તે ખરું જ્ઞાન હોતું નથી... હું અમુક સત્ય વિષે વાત કરું જે અનુભવ દ્વારા જાણવું શક્ય છે, પરંતુ તમે અનુભવ કરો તે અગાઉ તમારે તેના ઉપર વિશ્વાસ મૂકવો જોઈએ, નહિતર તમે તે કદી સાચી રીતે જાણી શકશો નહિ.'

કેટલાક ફિલસૂફો કહે છે કે, ઈશ્વરને ઓળખી શકાય નહિ. આ બાબત પણ અર્થહીન છે, કારણ કે તે ઓળખી શકાય એવો નથી એવું જ્ઞાન મેળવવું તે જ્ઞાનનો પાયો તેના વિષેનું જે મર્યાદિત જ્ઞાન જે તેઓ પાસે છે તેમાંથી મેળવેલા અનુમાન ઉપર રચાયેલો છે. ઈશ્વર જો આપણા જ્ઞાનની મર્યાદા બહાર હોય, તો તે ઓળખી શકાય તેવો નથી, તેવું જ્ઞાન આપણને ક્યાંથી મળ્યું ? 'ખરી રીતે તો જ્ઞાનના અસ્તિત્વનું સમર્થન તેના નકાર ઉપર રહેલું છે.'

(૪) પરમેશ્વરના અસ્તિત્વના જ્ઞાન વિષે જે જાણીએ તેથી અલગ આપણી આસપાસના તુચ્છ પ્રાણીઓ વિષેનું આપણું જ્ઞાન પણ મર્યાદિત છે. તેઓનાં કદાચ કેટલાંક બાહ્ય લક્ષણો જાણી શકીએ, પરંતુ તેઓના ખરા આંતરિક જીવન વિષે કંઈજ જાણતા નથી; અને ખરેખર તો આપણા પોતા વિષે પણ આપણું જ્ઞાન શૂન્ય છે. જો કોઈ મનુષ્ય પોતા વિષેનું સંપૂર્ણ જ્ઞાન મેળવે, તો જેની પ્રતિમા પ્રમાણે તેને ઉત્પન્ન કરવામાં આવ્યું છે, તે ઈશ્વર વિષે જાણવું ઓછું મુશ્કેલ હશે. મનુષ્ય અને પરમેશ્વર

વચ્ચેનો પરસ્પરનો સંબંધ એવો છે કે, એકને ઓળખવા માટે બીજાને ઓળખવો જ જોઈએ. 'આપણને સંબંધકર્તા છે એટલું જ આપણે જાણી શકીએ.' અને જો મનુષ્યને ઈશ્વરની પ્રતિમા પ્રમાણે બનાવ્યું ન હોત, તો તે ઈશ્વરને ઓળખવા માટે કદી ઝંખના ન કરત. કોઈકે કહ્યું છે કે, 'ઈશ્વરને ઈશ્વર જ ઓળખી શકે તેવું સાબિત થયું છે.' ઈશ્વર મનુષ્ય બન્યો જેથી તે માનવીનો પાપી સ્વભાવ બદલીને, તેના ખરા સ્વભાવમાં દાખલ કરે. (ગીતશાસ્ત્ર ૮૨ : ૬). સંત એથનેસે કહ્યું કે, 'તે માનવ બન્યો જેથી આપણે દેવ બની શકીએ.'

ઈશ્વરે મનુષ્યોને તેઓની પાપી દશામાંથી ઊંચકીને, તેઓને તેના સંદેશવાહક તથા અગ્નિની જ્વાળારૂપ બનાવ્યાં. (હેબ્રી. ૧ : ૭). દેવ આત્મા તથા અગ્નિ છે. (માથ્થી ૩ : ૧૧). અગ્નિની જ્વાળારૂપ બનવું એટલે ઈશ્વરના જેવા બનવું, કારણ કે 'નાનામાં નાની જ્વાળામાં પણ અગ્નિના ગુણો સમાયેલા છે.' પરંતુ ઈશ્વર સર્વમાં છે એવું માનનારા ફિલસૂફો જેમ કહે છે કે, 'જુદા જુદા આત્માઓ યા પ્રકૃતિઓ તે સંપૂર્ણતાનું ફક્ત અપૂર્ણ પ્રકટીકરણ છે', અને ઈશ્વર અને મનુષ્ય એક આત્મા છે, એવો તેનો અર્થ થતો નથી. ઈશ્વરને તેના સર્જન સાથે ભેળવી દેવાથી અગત્યની આકાંક્ષાઓ સંતોષાતી નથી, પરંતુ તેની સાથેની સંગત અને મેળાપથી આપણે ખરો અને અનંત આનંદ પ્રાપ્ત કરી શકીએ છીએ.

(૫) પરમેશ્વર સત્યના કોઈ સારા શોધકને એમ કહીને નાસીપાસ કરતો નથી કે, તે અને તેની માન્યતા ખોટી છે, પરંતુ તે એવી વ્યવસ્થા કરે છે કે, મનુષ્ય ધીમે ધીમે પોતાની ભૂલ ઓળખતાં શીખે છે, અને સત્યને પારખે છે. એક ઘાસ કાપનાર સંબંધી કહેવામાં આવ્યું છે કે, એક વાર જંગલમાંથી તેને એક સુંદર પથ્થર મળ્યો. તેણે ઘણી વાર હીરા વિષે સાંભળ્યું હતું, અને આથી તે હીરો હશે એમ તેણે વિચાર્યું. તે એક ઝવેરીની દુકાને ગયો, અને ઘણા આનંદથી પથ્થર તેને બતાવ્યો. ઝવેરી માયાળુ અને સહાનુભૂતિવાળો હોવાથી તેને લાગ્યું કે, ઘાસ કાપનારને જો તે કહેશે કે, એ પથ્થર હીરો નથી, તો ક્યાં તો તે એ વાત ખરી માનશે નહિ, અથવા તેને એવો આઘાત લાગશે, કે તેની બધી આશાઓ ધૂળભેગી

થઈ જશે. ઝવેરીએ એવો પ્લાન કર્યો જેથી ઘાસ કાપનાર પોતે જ પોતાની ભૂલ સમજી શકે. તેણે તેને પોતાની દુકાનમાં કામ સોંપ્યું, અને જ્યાં સુધી તે હીરાઓના જુદા જુદા પ્રકાર અને કીંમતથી જાણીતો થયો ત્યાં સુધી ત્યાં રાખ્યો. પછી ઝવેરીએ તેને પેલો પથ્થર લાવવા કહ્યું. અત્યાર સુધી ઘાસ કાપનારે તેને એક પેટીમાં સંતાડીને મૂકી રાખ્યો હતો. હવે તેણે તે બહાર કાઢયો. અને નવાઈ સાથે જાણ્યું કે, તે એક નકામો પથ્થર હતો. ઘાસ કાપનાર ઝાંખો પડી ગયો, અને પેલા ભલા શેઠના પગમાં પડ્યો, અને કહ્યું, 'તમારી ભલાઈ અને સહાનુભૂતિ માટે હું આભારી છું. તમે મારી આશા ભાંગી ન નાંખી, પરંતુ એની યોજના કરી જેથી કોઈની પણ મદદ વગર હું મારી ભૂલ જોઈ શકું. હવે હું આવા જ શેઠની સાથે હંમેશાં રહેવા માંગુ છું; અને જીવનનાં બાકીનાં વર્ષો તમારી સેવામાં ગાળવા માંગુ છું.' આ જ રીતે જેઓ ભટકી ગયા છે તેઓને પરમેશ્વર સત્યના માર્ગમાં લાવવા માંગે છે, જેથી જ્યારે તેઓ પોતે સત્ય ઓળખે ત્યારે તેઓ તેની પાંછળ ચાલે, અને પોતાના સમગ્ર જીવનથી તેની સેવા કરે.

(૬) લોકો ઘણી વાર એવા અભણ અને મૂર્ખ હોય છે કે, તેઓને એમ લાગે છે કે, જ્યારે તેઓ તેના મંદિરમાં તેની ભક્તિ કરે છે, ત્યારે તેઓ ઈશ્વર ઉપર, અને તેનાં સેવકો ઉપર, ઉપકાર કરે છે; પરંતુ જેઓ આવા વિચારો લઈને પ્રભુમંદિરમાં જાય છે તેઓ ઈશ્વરની સાચી પ્રકૃતિની **કદર કરી શકતા નથી.** તેઓ પેલા ધંધાદારી મૂર્ખ ભિખારીઓ જેવા છે જેઓ તેમની ભૂખ ભાંગવા જેઓ રોટલી આપે છે, તેઓના હેતુ સંબંધી આ જ્ઞાન છે. તેનો આભાર માનવાને બદલે તેઓ એમ ધારે છે કે, દાન આપીને તેમનાં સારાં કૃત્યોમાં વધારો કરવાની તેઓને તક આપવા બદલ તેમના ઉપર ઉપકાર કરે છે. તેઓ એટલા મૂર્ખ છે કે, તેઓ જાણતા નથી કે, દાન આપનારાઓએ તેમની અને તેમની ભૂખ ઉપર મોટો ઉપકાર કર્યો છે, અને આથી જેઓએ તેમની ભૂખ ભાંગી છે, તેમનો હૃદયથી આભાર માનવો જોઈએ.

(૭) **સરજનહારે મનુષ્યોને જ્ઞાન, લાગણી અને ઈચ્છા આપ્યાં છે.** ઈશ્વરની સેવા માટે બળ પામવા મનુષ્યે **આત્મિક ખોરાક જ્ઞાનના દાંત**

વડે ચાલવો જોઈએ; પરંતુ પોતાની બુદ્ધિનો સદુપયોગ કરવાને બદલે તે ઘણી વાર તેનો વ્યર્થ અટકળો કરવામાં બગાડે છે. એક કૂતરાને સૂકું હાડકું મળે ત્યારે ઘણી વાર તેના મોંમાંથી લાળ નીકળી પડે ત્યાં સુધી તેને બચકાં ભરે છે, અને જ્યારે મોંમાં લોહીનો સ્વાદ આવે છે, ત્યારે તે આનંદથી બચકાં ભરે છે; પરંતુ તે જાણતો નથી કે, એ તેનું પોતાનું લોહી છે. આવી રીતે મનુષ્ય તેને ઈશ્વરે આપેલી બૌદ્ધિક શક્તિને વ્યર્થ અટકળો કરવામાં બગાડે છે. તેને આત્મિક લાગણીઓ પણ આપવામાં આવી છે, જેથી તે ઈશ્વરની હાજરી અનુભવી શકે, અને આનંદ મેળવી શકે. પરંતુ અનાજ્ઞાંકિતપણા અને પાપની મરણજનક અસરથી તે ઈશ્વરને સમજવાની શક્તિ, અને તેનામાં આનંદ મેળવવાનું બળ ગુમાવે છે. આવા લોકો પોતાના સ્વાર્થીપણાથી વિશેષ કંઈ જોઈ શકતા નથી, અને પરમેશ્વરની હાજરી માટે તેનામાં કોઈ લાગણી હોતી નથી. આને કારણે છેવટે તેઓ પ્રભુ પરના અવિશ્વાસમાં કાયમ બને છે. આ જ રીતે જો મનુષ્ય ઈચ્છા ઈશ્વરની મરજીથી વિરુધ્ધનો રસ્તો લે છે, તો તે પાપનો ગુલામ બને છે, અને મુક્ત ન હોવાને કારણે છેવટે આત્મિક આપઘાત કરે છે.

(૮) એક દેશમાંથી નીકળતો નદીનો પ્રવાહ ઘણા પ્રદેશમાંથી વહે છે, અને છેવટે સમુદ્રમાં ભળી જાય છે જેમાંથી પ્રથમ તે લેવાયો હતો. ઘણા આગેવાનો, રાજાઓ અને કુંવરોની સરહદમાંથી તે વહે છે અને છતાં પોતાના પ્રદેશમાં તેને કોઈ અટકાવી શકતું નથી, કારણ કે એના ઉપર તેની માલિકી નથી. બધાની તે સામાન્ય મિલકત છે, અને જ્યાં કંઈ તે જાય છે, ત્યાં તે લોકોની તરસ છિપાવે છે. આવી રીતે જીવનના પાણીનો ઝરો ઈશ્વરના અનંત મહાસાગરમાંથી નીકળે છે, અને પ્રેરિતો તથા પ્રબોધકોની દૈવી નહેરમાંથી નીકળીને આખી પૃથ્વીને પાણીથી સીંચે છે, બધાની તરસ છિપાવે છે અને લોકોનાં તથા પ્રજાનાં જીવન સમૃદ્ધ અને ફળદાયી બનાવે છે. 'જે ચાહે તે જીવનનું પાણી મફત લે.' (પ્રકટીકરણ ૨૨ : ૧૭).

# ૪. દુઃખ અને પીડા

(૧) દુનિયામાં શારીરિક તેમ જ આત્મિક દુઃખ ભોગવવાં પડે છે. આત્મિક દુઃખ પાપ અને ઈશ્વરથી જુદાઈને કારણે હોય છે, જ્યારે શારીરિક દુઃખ કોઈ શારીરિક માંદગી યા ઈજાને કારણે આવે છે. પોતાની ઈન્દ્રિયોના વિકાસના પ્રમાણમાં તમામ જીવંત પ્રાણીઓ દુઃખ ભોગવે છે, પરંતુ મનુષ્યો ભોગવે છે તેટલી હદે તે હોતું નથી; કારણ કે તેની લાગણીઓ અને ઉચ્ચતમ બૌદ્ધિક શક્તિ તેની દુઃખ ભોગવવાની શક્તિમાં વધારો કરે છે. આમ બનવાનું કારણ આ છે કે, જ્યારે તે કલ્પે છે કે, તેને પીડા થાય છે, ત્યારે એ તેની ખરેખરી પીડા કરતાં વધી જાય છે.

સામાન્ય રીતે પક્ષીઓ અને શિકારી પ્રાણીઓનાં દાંત, નહોર અને ચાંચ એવાં હોય છે કે, તેમાંથી છટકવું શિકાર માટે ભાગ્યે જ શક્ય હોય છે, અને વિશેષ પીડા વગર શિકાર મરી જાય છે; અને આથી ઘાયલ થઈને છૂટી જવા બાદ જે પીડા થતી રહે છે, તેમાંથી છૂટકો પામે છે. એ જ રીતે સાપ કે ઝેરી જીવજંતુઓનું ઝેર લોહીમાં દાખલ થઈને શરીરને એવું જૂઠું બનાવે છે કે, પીડા વગર મૃત્યુ થાય છે. કુદરતમાં કેટલાક અસામાન્ય સંજોગો બાદ કરતાં મૃત્યુ કોઈ ખાસ પીડા વગર થાય છે, કારણ કે મૃત્યુ સમયે તેના ભોગ બનેલાઓ ઝેરની અસરથી અથવા પડેલા ઘાના આઘાતથી અર્ધબેભાન દશામાં હોય છે. ટૂંકમાં, તેઓની હાલત ઘણી વાર આપણે કલ્પીએ તેવી દુઃખદ હોતી નથી, પરંતુ દુઃખ અને પીડા જે શારીરિક કે આત્મિક દુષ્ટતાને લઈને આવે છે તે ખચીત અતિ પીડાકારક છે.

(૨) આપણા આત્મિક વિકાસ અને વૃદ્ધિ માટે દુઃખ અને પીડા ઘણી વાર જરૂરનાં હોય છે, અને આપણે હંમેશાં તેમાંથી છૂટીએ એવી ઈશ્વરની ઈચ્છા હોતી નથી. ઘણી ચીજો સ્વાદમાં કડવી અને ખરાબ લાગે છે, પરંતુ વાસ્તવિક રીતે તો આપણને ઉપયોગી હોય છે. આપણે એટલી હદે પણ કહી શકીએ કે, દરેક કડવી અને ઝેરી સ્વાદવાળી ચીજો દવા

તરીકે ઉપયોગી હોય છે, અને એક કે બીજા રોગમાં તે ચોક્કસ ઈલાજ જેવી છે. આપણે તેમના વૈદકીય ગુણના અજ્ઞાનને કારણે તેમને ઝેરી કહીએ છીએ; પરંતુ ઈશ્વરે દરેક ચીજ કોઈ ખાસ હેતુની પૂર્ણતા માટે ઉત્પન્ન કરી છે, અને તે હેતુ માટે તે પૂરતી પણ છે; પરંતુ તેના યોગ્ય ઉપયોગ સંબંધી આપણે અજ્ઞાન હોવાથી તેનો ઉપયોગ ઘણી વાર નુકસાન પહોંચાડે છે. પરમેશ્વરે તેના પોતામાં હાનિકારક હોય અથવા તેનો ઉપયોગ તેનાં સૃજેલાં પ્રાણીઓને હાનિકારક હોય એવી વસ્તુ ઉત્પન્ન કરી નથી. આ જ રીતે દરેક પીડા અને દુઃખ આપણા વિકાસ અને આત્મિક જીવનની ઊંડાઈ વધારવાનાં સાધનો છે. (રૂમી. ૮ : ૧૮). જે શકિત અને હોશિયારી ઈશ્વરે આપણને આપી છે, તેનો ખાસ કરીને અનાજ્ઞાંકિતપણાથી દુરુપયોગ કરવાથી આપણે જીવનમાં ઝેરી અને હાનિકારક અસરો થતી જોઈએ છીએ.

(૩) મનુષ્યને પોતાની આત્મિકતા જાગ્રત કરવા દુઃખ અને પીડા સૌથી વિશેષ ઉપયોગી છે, એટલું જ નહિ; પરંતુ જેઓ તેવાં મનુષ્યોને તેમનાં દુઃખમાં મદદ કરે છે, તેઓને પણ તે લાભકારક છે; કારણ કે આથી પોતાની સંપૂર્ણતા તરફના વિકાસમાં એ ખાસ ગુણોનો ઉપયોગ કરવાની તક મળી રહે છે. ખરી જીત આ નથી કે આપણે દુઃખ, પીડા અને મૃત્યુમાંથી બચી જઈએ, પરંતુ ઈશ્વરની કૃપાથી આપણે પીડાને રાહતમાં, વધસ્તંભ અને મરણને જીવનમાં અને દુષ્ટતાને ભલાઈમાં બદલી શકીએ, આ કારણથી જ આપણે આ યુદ્ધ અને ઝઘડામાં ફેંકાયેલાં છીએ, જેથી 'મહાન સંકટ મારફતે દેવના રાજ્યમાં પ્રવેશ પામીએ.' (પ્રે. કૃ. ૧૪ : ૨૨) પીડા ભોગવ્યા વગર આરામની, કડવી ચીજ ચાખ્યા વગર મીઠાશની, દુષ્ટતા વગર ભલાઈની અને મૃત્યુ પામ્યા વગર જીવનની ખરી કીંમતની કદર કરી શકતા નથી. આથી પરમેશ્વરની આ મરજી છે કે, તેની સાથે કાયમની સંગતનો આનંદ ભોગવવા તેના રાજ્યમાં પ્રવેશીએ તે અગાઉ, આ બધામાંથી આપણે પસાર થવું જોઈએ, અને અનંતકાળ માટે આ અનુભવો દ્વારા પાઠ ગ્રહણ કરીએ.

(૪) છીપમાં મોતી પરિપકવ થાય તે પહેલાં છીપની કાલુ માછલીએ પુષ્કળ પીડામાંથી પસાર થવું પડે છે. 'મોતીની જનેતા, અનેક રીતે રિબાય

છે. ક્યાં તો કોઈ સજીવ પ્રાણીના દબાણથી, છિદ્ર પાડે એવા કોઈ પરોપજીવી છોડ કે કીડા કે નાની માછલી અથવા રેતીના કણ કે કોઈ નિર્જીવ પદાર્થથી પોતાની જાતને બચાવવાનું કોઈ સાધન ન હોવાથી, તે છીપ વેદના પહોંચાડનાર પદાર્થની અસર નકામી બનાવે છે, અને તેને સુંદરતાનો એક પદાર્થ બનાવી દે છે.' દરિયામાં મોતી દુઃખ અને પીડાની નીપજ છે, આમ છતાં બેકાળજીથી તેની સાથે વર્તવામાં આવે ત્યારે તેમનું તેજ નાશ પામે છે. 'તેમનું સૌંદર્ય જે તેમના પાસા ઉપર પડતા ખાસ પ્રકાશને આભારી છે, ને કોઈ ચીકણા પદાર્થના કે શાહી (ink) કે એવા બીજા પદાર્થના ચેપ કે દૂષણથી નાશ પામે છે.' જૂના કાળમાં કોઈ વાર શબની સાથે કબરમાં મોતી મૂકવામાં આવતાં હતાં, પરંતુ તેઓ પણ નાશ પામીને ધૂળમાં મળી ગયાં છે. આમ આ પીડામાંથી જન્મેલાં મોતી માફક આત્મિક જીવન પીડા અને દુઃખ વગર સુંદર બનતું નથી; અને જ્યારે તે કક્ષાએ પહોંચીએ છીએ, ત્યારે પણ બીક રહે છે કે, જો આપણે આભારી અને નમ્ર હૃદયે પ્રેમથી ઈશ્વરને ન વળગી રહીએ, તો આપણે એ ઉચ્ચસ્થાનેથી નીચે ગબડી, આપણું તે જ ગુમાવીશું (૧ કોરીંથી. ૧૦ : ૧૨); અને આથી આપણા માટે જરૂરનું છે કે, હંમેશાં જાગ્રત રહીને પ્રાર્થના કરતા રહીએ.

(૫) હીરા અને બીજા કીમતી પથ્થરો કુદરતની પ્રયોગશાળામાં, સેંકડો અને હજારો વર્ષથી તાપ, ઠંડી અને કુદરતી દબાણ હેઠળથી પસાર થાય છે, અને છેવટે સૌંદર્યની સંપૂર્ણતાએ પહોંચે છે. એ જ રીતે આપણે પણ સંપૂર્ણ બનીએ તે પહેલાં, દુઃખ અને પીડામાંથી પસાર થવું જોઈએ. રસાયણશાસ્ત્રની જોકે નકલી હીરા અને કીમતી પથ્થરો બનાવી શકે, છતાં જ્યારે તેમની યોગ્ય ચકાસણી કરીએ, ત્યારે તેમની ખામીઓ જણાઈ આવે છે. આપણે એક જ દિવસમાં સંપૂર્ણતાએ પહોંચી શકતા નથી કે આપણામાં કોઈ દોષ ન હોય, પરંતુ આપણા આકાશમાંના બાપની હાજરીમાં અને તેની નજદીક હંમેશાં રહેવાથી આપણે પણ તેના જેવાં સંપૂર્ણ બનીશું.

(૬) વરસાદ અને પવનનું તોફાન વિનાશક જણાય, છતાં તે છૂપા વેશમાં આશીર્વાદ સમાન છે, કારણ કે તેઓ તમામ પ્રકારના ભયાનક

પ્લેગ અને રોગનાં જંતુઓનો નાશ કરીને, આપણને સ્વાસ્થ્ય પમાડે છે. આ જ રીતે પવિત્ર આત્માનો પવન (યોહાન ૩ : ૮), અને પ્લેગ અને દુઃખનો આઘાત આપણને આત્મિક તંદુરસ્તી તથા આશીર્વાદ બક્ષે છે.

સૂર્યની ગરમી વાદળાં બનાવવા માટે પાણીની વરાળ ઉપર મોકલે છે, અને તે વરસાદરૂપે નીચે આવે છે. આ જ પ્રમાણે 'ન્યાયીપણાનો સૂર્ય' આપણાં આત્મિક જીવનોમાં જીવતા પાણીના ઝરા વહેવડાવીને આપણને જીવન આપે છે.

(૭) ઘણા લોકો જાણતા નથી કે, આ દુનિયાની અને બીજી દુનિયા માટેની હૃદયની ઝંખનાઓ કેવળ પરમેશ્વરમાં જ પૂરી થઈ શકે છે. તેમાંના કેટલાક ફિલસૂફો અને અનૈતિક આચરણવાળાઓ અને ગુનેગારો આ દુનિયામાં જ્યારે સંતોષ મેળવવા નિષ્ફળ નીવડ્યા, ત્યારે આશારહિત બન્યા, અને પોતાના જીવનની સમાપ્તિ મારફતે એ બધાનો અંત લાવવાની કોશિશ કરી. એથી ઊલટું, આપણે સાચા વિશ્વાસીઓ જોઈએ છીએ, જેઓ આ દુનિયામાં ઘણું દુઃખ ભોગવે છે, કારણ કે આત્મિક જીવનમાં તેઓ જેટલા ઊંચે ચઢે છે ત્યારે તેમની મુશ્કેલીઓ તેટલી વધે છે. સંસારી મનુષ્ય આ સમજવામાં નિષ્ફળ જાય છે, અને આથી તેઓને સહાય કરવાને બદલે તે ઘણી વાર તેઓની સામે થાય છે, અને સતાવણી કરે છે. આમ છતાં નિરાશ બનીને તેઓ આપઘાત કરવા પ્રેરાતા નથી, કારણ કે પોતાની દુનિયાઈ મહત્ત્વાકાંક્ષાઓ નકારવાથી, તેઓ ઈશ્વરની સંગતમાં શાંતિ પામે છે. જોકે બધા મનુષ્યોની આત્મિક ઝંખનાઓ પરમેશ્વરમાં પૂરી થાય છે, છતાં તે પોતાના સાથીબંધુઓની મિત્રતા અને સહાનુભૂતિની ઈચ્છા કરે છે, અને જ્યારે સામાજિક સંગતની આ પ્રેરણા સંતોષાતી નથી, ત્યારે પ્રભુ ઈસુ જે માનવ તથા દેવ બન્ને છે, તે તેમની સામાજિક તેમ જ આત્મિક સ્વભાવની ઝંખના પૂરી પાડે છે, કારણ કે મનુષ્યની મુશ્કેલીઓ અને પીડાનું ભાન તેને ફક્ત તેના દૈવી સ્વભાવથી થતું નથી, પરંતુ જ્યારે તેણે માનવી તરીકે દુઃખ વેઠ્યું, તેના અનુભવથી તે એ જાણે છે, અને આથી તે તમામ પીડાતા મનુષ્યોનાં સંતાનોને સંપૂર્ણ મદદ અને અનુકંપા બક્ષે છે.

(૮) આ દુનિયામાં આત્મિક સ્વભાવવાળા મનુષ્યો પીડાય છે (૨

તીમોથી ૩ : ૧૨), કારણ કે બીજાઓ જેઓ સત્યની કદર કરી શકતા નથી અને જેઓનો સ્વભાવ વિકૃત અને આત્મિક પરખશક્તિ પાપને કારણે મૃતપ્રાય હોય છે, તેમને ગેરસમજણ થાય છે. આ વર્ગના મનુષ્યો જ્યારે કોઈ સારા માણસને મળે છે, ત્યારે તેઓ જાણે છે કે, તેઓના સ્વભાવ સાથે તેના સ્વભાવની સરખામણી થઈ શકે નહિ, અને તેના તરફ તરત જ વિરોધનું વલણ લેવા પ્રેરાય છે. પરંતુ જે માણસની લાગણીઓ અને અંતઃકરણ પ્રભુમાં જીવંત છે તે સરખા સ્વભાવના મનુષ્યને મેળવવાથી તેના ઈશ્વરમય જીવનનું તેને ભાન થાય છે, અને તેના તરફ ખેંચાય છે.

સાચું ખ્રિસ્તી જીવન ચંદનવૃક્ષ જેવું છે જે તેને કાપનાર કુહાડીને નુકસાન કરવાને બદલે સુગંધ અર્પે છે. હેનરી સુસોને જે ઈશ્વરી ચેતવણી મળી હતી કે, 'મારા સારા નામની ખોટ તું જાહેરમાં સહન કરશે, અને જ્યાં તું પ્રેમ અને વફાદારી શોધશે ત્યાં તું લુચ્ચાઈ અને પીડા ભોગવશે;' આ વાત વિપુલ સંખ્યાના ખ્રિસ્તીઓના જીવનમાં જોવાય છે. આ દુનિયા, જેમાં ઈશ્વરી પ્રબોધકો, પ્રેરિતો અને ખુદ પ્રભુ ઈસુને પીડા ભોગવવી પડી હતી, તેમાં જો કોઈ પીડાથી બચવા માંગે તો તેણે સત્યનો નકાર કરવો પડે, અને પોતાનું મુખ ઈશ્વરથી અવળું ફેરવવું પડે, અને દુનિયા સાથે મિત્રતા બાંધવી પડે. એથી ઊલટું, પ્રભુનાં દુઃખોમાં ભાગીદાર થવાનું માન એ એક મોટો અધિકાર છે (ફિલિપી ૩ : ૧૦). છેવટે જ્યારે નિયત સમય આવે છે ત્યારે, જે પ્રભુનાં દુઃખોમાં ખરેખર ભાગ લે છે તે સનાતન મહિમામાં પ્રવેશ કરશે અને તેની સાથે રાજ કરશે. (૨ તીમોથી ૨ : ૧૨).

(૯) આપણે આપણા ધ્યેયને પહોંચીએ તે અગાઉ આપણે દુઃખ, પીડા અને પરીક્ષણોમાંથી પસાર થવું પડશે. આપણા આત્મિક જીવનના વિકાસ અર્થે અને આપણી ભવિષ્યની સુખાકારી માટે, આ બધા તબક્કા જરૂરી છે. અને આથી તેમાંથી પસાર થવું એ પરમેશ્વરની ઈચ્છા છે. જો આપણા માટે આ ઈશ્વરી યોજના ન હોત, તો તે આ બાબતો આપણી ઉપર લાવત નહિ. પરંતુ જ્યારે તે આપણા જીવન સમક્ષ તે લાવે છે, ત્યારે તેનો સામનો કરવાવાળો આપણે કોણ ? આ સંબંધી હવે આપણા

ભાગ્યમાં જે આવે છે તે આપણે આનંદથી સહન કરવું, અને તે સંબંધી આપણાં હૃદયોમાં કોઈ સંદેહ ન આણવો, જે ઈશ્વર અને આપણી વચ્ચે દીવાલ ખડકીને, પરમેશ્વરની સંગત અને હાજરીનો આનંદ મેળવવાની આપણી શક્તિનો નાશ કરે.

જ્યાં સુધી આ પૃથ્વી ઉપર છીએ, ત્યાં સુધી પીડા અને દુઃખ ભોગવવાં પડશે. મધમાખી એકલું મધ ભેગું કરતી નથી, પરંતુ એક ખાસ હેતુ માટે તેને ડંખ પણ આપ્યો છે. સુવાસિત ગુલાબના છોડમાં કાંટા કોઈ હેતુ વગર મૂકવામાં આવ્યા નથી. સંત પાઉલના શરીરમાં કાંટા કોઈ મોટા અને ડહાપણભરી યોજનાની સંપૂર્ણતા અર્થે હતા. એ ઘણું જરૂરનું છે કે, જે સનાતન હેતુ પાર પાડવા માટે આપણને ઉત્પન્ન કર્યા છે, તે માટે આવા કસોટીકાળમાંથી આપણે પસાર થવું જોઈએ.

●

# ૫. વિરોધ અને ટીકા

(૧) આપણને સમજવામાં જો લોકો નિષ્ફળ નીવડે, અને આપણી સારી ઈચ્છાઓની ટીકા કરે, અથવા ગેરસમજણને કારણે આપણો વિરોધ કરીને સતાવણી કરે, તો તે કંઈ નવો કે આશ્ચર્યજનક બનાવ નથી. ટોળાબંધ લોકો એવા છે જેઓ પોતાના જીવનનો હેતુ સમજતા નથી, નહિ તો બીજાના કામમાં માથું મારીને સમય બરબાદ કરવાની તેમને ફુરસદ નહોત. જેઓ પોતાના જીવનમાં પરમેશ્વરનો હેતુ સમજે છે તેઓને માથે ચોક્કસ કાર્ય કરવાનું હંમેશાં તૈયાર હોય છે, અને તે વિશે લોકો શું કહેશે કે વિચારશે તેની તેઓને ચિંતા હોતી નથી, કારણ કે જે ઈશ્વરને તેઓએ પોતાનો હિસાબ આપવાનો છે તે તેઓના સારા ઈરાદાઓ જાણે છે અને તેઓને તેના પ્રેમ અને દિલાસામાં રાખે છે. જ્યારે આપણો પ્રભુ અને સરજનહાર આપણી ભલી મુરાદો જાણે છે, તો પછી વિરોધથી શા માટે ગભરાવું જોઈએ, અને તેમાં પણ ખાસ કરીને આ કારણથી કે, આપણે જાણીએ છીએ કે, એક સમય એવો આવશે જ્યારે પરમેશ્વર આપણા સમગ્ર જીવનનો હેતુ સ્પષ્ટ કરશે.

જ્યારે કોઈ માણસ પરદેશ જાય છે, ત્યારે લોકો તેના તરફ તાકી રહે છે, અને કૂતરાઓ ભસે છે. આમ સાચો ખ્રિસ્તી આ દુનિયાનો નથી; તે અહીં એક પરદેશી અને યાત્રાળુ છે (યોહાન ૧૭ : ૧૪. હેબ્રી. ૧૧ : ૧૩), આથી જો આ દુનિયાના કૂતરાઓ તને પરદેશી ગણે, અને સામે ભસે, અથવા ચીરી પણ નાંખે (માથ્થી ૭ : ૬), તો તેણે નવાઈ પામવી કે નાસીપાસ થવું નહિ. 'કૂતરાઓ ભસતા હોય છે છતાં વણઝાર તો આગળ ચાલતી રહે છે.' કૂતરાઓ ભસતા ભસતા થોડે સુધી કાફલાની પાછળ જાય છે, અને પછી પાછા ફરે છે; પરંતુ વણઝાર આગળ વધતી વધતી વહેલી કે મોડી તેના નિયત સ્થાને આવી પહોંચે છે.

(૨) સત્યના વિરોધી ટીકાકારોને કોઈ ફરજ સોંપેલી હોતી નથી. કદાચ કોઈ વાર તેઓને સૂચનાઓ મળી હોય, પરંતુ હવે તે સૂચનાઓનો અમલ કરવામાં મળેલ નિષ્ફળતાને કારણે તેઓને સોંપાયેલી કામગીરીની

નિમણૂંક ગુમાવી છે. જ્યારે દેવનું કાર્ય તેઓ પાસેથી લઈ લેવાયું, અને તેઓને પોતાના આળસુ હાથો માટે બીજું કંઈ કરવાનું બાકી રહ્યું ન હતું ત્યારે તેઓએ ઈશ્વરનું કામ કરનારાઓ તરફ પથ્થરો ફેંકીને પોતાને રમૂજ પમાડવાનું શરૂ કર્યું. શેતાને તેઓને આળસુ જોયા અને પોતાનું કામ કરવાની સનદ આપી.

કોઈ આંધળો માણસ રસ્તો ઢૂંઢતો આવતો હોય, તો એ વ્યાજબી છે કે દેખતા માણસે બાજુએ ખસી જઈને તેને રસ્તો આપીને તેની સાથે અથડાવાથી બચી જવું જોઈએ; આમ છતાં અકસ્માતથી જો આંધળો તેની સાથે અથડાય તો તેણે કોપિત ન બનવું જોઈએ, પરંતુ તેને મદદરૂપ બનવું જોઈએ. જો તે કોપિત બને તો એમ સાબિત કરે છે કે, પેલા આંધળા કરતાં પણ તે વધારે આંધળો છે. આથી જો કોઈ માણસ સત્યને અનુસરતા હોવાથી, આપણી સતાવણી કરે, તો કોપિત બનવાને બદલે આપણે તેને ક્ષમા આપવી, અને પ્રેમથી તેને માટે પ્રાર્થના કરવી જોઈએ. (માથ્થી ૫ : ૪૪-૪૫) આ બધું કરવા છતાં, પણ જે તે અનુકૂળ પ્રતિક્રિયા ન કરે, અને તેનો વિરોધ ન છોડે, તો આપણે કંઈ જ ગુમાવતા નથી, કારણ કે આપણે જે કર્યું તે એ સત્ય ખાતર કર્યું, જેણે આપણને દૃષ્ટિ આપી અને જે પોતે જ આપણો એક ભાગ અને આપણો બદલો છે.

(૩) બરફવાળા પ્રદેશોમાં રીંછ અને એવાં બીજાં પ્રાણીઓ ઉનાળામાં ખાઈ લે છે, અને શરીરમાં ચરબીનો સંગ્રહ કરી લે છે; પછી જ્યારે શિયાળો બેસે છે, અને મહિનાઓ સુધી ખોરાક દુર્લભ બને છે, ત્યારે તેઓ શરીરમાં સંઘરાયેલી પેલી ચરબી ઉપર જીવે છે. આ જ પ્રમાણે, પ્રાર્થના દ્વારા આપણે ઈશ્વર પાસેથી ખોરાક અને શક્તિનો સંચય કરીએ છીએ, અને જ્યારે સતાવણી આવે છે ત્યારે આપણે દઢ અને સ્થિર બનીએ છીએ. આપણા તારનાર સામે એટલો બધો વિરોધ થયો કે તેઓએ તેને ખીલા મારી વધસ્તંભે જડ્યો (પ્રે. કૃ. ૩ : ૧૫), તો આપણે તે ક્લેશ કે સતાવણીથી ડરી જઈએ ? 'તે પોતાનાંની પાસે આવ્યો, પણ પોતાના (લોકો)એ તેનો અંગીકાર કર્યો નહિ.'

એક વાર એક વેપારી પરદેશ રહેવા ગયો. તેના ગયા પછી, થોડી જ વારમાં તેના ઘેર એક પુત્રનો જન્મ થયો, પરંતુ માતા મરણ પામી. વખતોવખત વેપારીએ એ બાળકના ભરણપોષણ માટે સગાસંબંધીઓ ઉપર

મદદ મોકલી. વર્ષો બાદ, જ્યારે છોકરો મોટો થયો હતો, ત્યારે બાપ એક રાત્રે તેને ઘેર આવ્યો, અને બારણું ઠોકીને તેને જગાડ્યો. એક અજાણ્યા માણસને જોઈને છોકરાને લાગ્યું કે તે ચોર છે, અને તેની સાથે કઠોરતાથી વાત કરી. વારંવાર વેપારીએ તેને સમજાવવાની કોશિશ કરી કે તેનો બાપ છે, પરંતુ પેલા જુવાને પોતાના બાપને કદી જોયો ન હતો, અને તેના વિષે કે તેના પ્રેમ વિષે તેને કોઈ જ્ઞાન ન હતું. તેણે તેના ઉપર હુમલો કર્યો, ઘાયલ કર્યો અને પોલીસને સોંપી દીધો. બીજા દિવસે, તપાસ કરતાં સાબિત થયું કે તે ખરેખર લાંબા સમયથી દૂર રહેનાર તેનો બાપ જ હતો. પેલા જુવાનને આથી ઘણો પસ્તાવો થયો. તે તેના બાપને ભેટીને રડ્યો અને ક્ષમા માટે યાચના કરીને વચન આપ્યું કે, ભવિષ્યમાં તે વિશ્વાસુપણે તેની સેવા કરવાનું કદી ચૂકશે નહિ. વાતનું છેવટ આ છે કે, બાપનું અપમાન કરવાથી યુવાન શરમાયો હતો અને માફી માંગી હતી; પરંતુ આપણામાં આજે પણ એવા સેંકડો અને હજારો છે, જે પસ્તાવો કરીને આકાશમાંના બાપ પાસે પાછા ફરતા નથી. તેઓનાં કઠોર હૃદયો માટે આપણે દિલગીરી સહિત ઈશ્વરની પ્રાર્થના કરીએ કે, ઈશ્વર રહેમ નજરથી પોતાને તેઓમાં પ્રગટ કરે.

(૪) ઘણા એવા છે જેઓ પોતાની ભૂલ અને અપૂર્ણતા જોતા નથી, પરંતુ હંમેશાં બીજાઓની ભૂલો શોધે છે. જે આંખ બહારની વસ્તુઓ જોઈ શકે છે તે પોતાને કે પોતાની ભૂલોને જોઈ શકતી નથી. આમ સત્યના વિરોધીઓ પોતાની ભૂલ સિવાય બીજું બધું જુએ છે. જ્યારે આપણે આરસીમાં જોઈએ છીએ ત્યારે આંખ પોતાને અને પોતાની ભૂલોને જોઈ શકે છે; આમ સંદેહ થયેલ શબ્દની સંગતમાં જીવવાથી, અને દેવનાં વચનો પ્રમાણે આપણું જીવન ગાળવાથી આપણે ખચીત આપણી જાતને જાણી શકીએ છીએ. પરમેશ્વર આપણને આપણી પાપી પ્રકૃતિ બતાવશે એટલું જ નહિ, પરંતુ પોતાને પણ તેની સાજા કરવાની અને તારવાની શકિત સહિત બતાવશે. પછી જો આજ્ઞાધીનતાથી તેની ગમ ફરીએ, અને સતત પ્રાર્થના દ્વારા, તેની પવિત્ર સંગતમાં જીવીએ, તો તે આપણી ખામીઓ દૂર કરશે અને તેના મહિમાવંત સ્વરૂપમાં અનંતકાળ સુધી આપણને બદલી નાંખશે; જેથી આપણે પણ તેના મહિમાના ભાગીદાર બનીએ.

(યોહાન ૧૪ : ૨૬. ૧૭ : ૨૪).

# ૬. દુષ્ટતા શું છે ?

(૧) દુષ્ટતા કૃત્રિમ છે અને આપણા અસ્તિત્વના નિયમથી વિપરીત છે.' (વિચકોટ)

'કોઈ લાભ પામવાના હેતુથી દરેક દુષ્ટતા કરવામાં આવે છે. કોઈપણ વ્યકિત દુષ્ટતાને, દુષ્ટતાની ખાતર કરતો નથી.' કોઈ ડાહ્યો માણસ, તે ભલે ગમે તેટલો ભૂંડો કે દુષ્ટ હોય, છતાં ઉઘાડી આંખે પોતાની જાતને નુકસાન પમાડવાનું શોધતો નથી. પરમેશ્વરે જે કંઈ ઉત્પન્ન કર્યું છે તેમાં દુષ્ટતા કોઈ વારસાગત ગુણ નથી. તે માણસનો નાશ કરે છે, અને બીજાઓના વિનાશ સાથે સંકળાયેલી તેની ઝેરી અસર તે જ તેનો સદાકાળ સુધી વિનાશ કરશે. ભલાઈ જે અનંત ઈશ્વરના ગુણોમાંનો એક છે તેની સાથે અનંત સ્થિરતા જોડાયેલી છે. દુષ્ટતા જો અવિનાશી આત્માનો ભાગ હોત તો જ તે અનંતકાળ સુધી ટકી રહેત. જો આપણે કહીએ કે દુષ્ટતા શેતાનનો ગુણ છે, તો તે પણ ખરું નથી; કારણ કે શેતાનને પણ નિર્દોષતામાં ઉત્પન્ન કર્યો હતો. પરંતુ તેની હાલની દુષ્ટ પ્રકૃતિ પોતાની સ્વતંત્ર ઈચ્છા પ્રમાણે વર્તવાને કારણે ઉપસ્થિત થઈ. હવે જેમ દુષ્ટતા સદા ટકતી નથી- ત્યારે તેની શરૂઆત અને અંત પણ હોવાં જોઈએ-આપણે એવા તારણ ઉપર આવવું જોઈએ કે, દુષ્ટતાનો અંત આવશે; અને આમ કહી શકીએ છીએ, કારણ કે તે સ્વવિનાશક છે.

(૨) એક ચાઈનીસ ફિલસૂફ નામે ચુ ફુ ત્સુ, લખે છે કે, 'જન્મ સમયે માણસ એક ચોખ્ખા પાણીના ઝરા જેવો છે, જે પર્વતો અને મેદાનોમાં આગળ વધતાં માટી અને કાદવ ઊંચકી લે છે, અને ગંદો બને છે; પરંતુ જો કોઈ જગ્યાએ તેની ઉપર બંધ બંધાય છે, તો ગંદવાડ બેસી જાય છે અને તે ફરીથી સ્વચ્છ બને છે.' મેનસિયસે કહ્યું છે કે, આત્મા ઘઉંના દાણા જેવો છે, જે તેની પ્રકૃતિમાં ખરાબ નથી, પરંતુ જ્યારે તે વવાય છે ત્યારે તે જમીન, પાણી, ખાતર અને વાતાવરણની સ્થિતિ ઉપર આધાર રાખે છે. બીજા શબ્દોમાં, માણસ જન્મ અને સ્વભાવથી સારો છે, પરંતુ વાતાવરણ તેને દુષ્ટ બનાવે છે.

એક રીતે આ તદ્દન ખરું છે, પરંતુ આપણે પાપની વારસાગત અસર, અને દુષ્ટતા તરફનું આપણું વલણ નકારી શકતા નથી. દાખલા તરીકે આપણે નિર્દોષ ગણાતા બાળકોનો દાખલો લઈએ. હર્બર્ટ સ્પેન્સરે કહ્યું છે કે, 'બાળકો નિર્દોષ છે, એવો પ્રચલિત મત દુષ્ટતાના જ્ઞાનથી જોતાં સાચો છે, પરંતુ બાલભવનમાં એકાદ કલાકના નિરીક્ષણ પછી કોઈને પણ લાગશે કે, દુષ્ટ આવેગ કે જુસ્સો લક્ષમાં લેતાં તે મત બિલકુલ ખોટો છે.'

(૩) મનુષ્યને આત્માની ભૂખ અને તરસ લાગે છે, અને પોતાની અજ્ઞાનતાને લઈને બિનકાયદેસર રીતે પાપમાં ભાગ લઈને પોતાની મેળે જ્યારે તે તેને સંતોષવાની કોશિશ કરે છે, ત્યારે જે પરિણામ આવે છે તે આ છે કે ઈશ્વરને અનાજ્ઞાંકિત રહેવાથી તે પોતાની ભૂખનો તેમજ પોતાનો નાશ કરે છે, અને જે સંતોષ તે શોધે છે તે મેળવવામાં નિષ્ફળ જાય છે. એક વાર હિમાલય પર્વતોમાં એવું થયું કે, એક ભૂખે રિબાતા મુસાફરે એક સુંદર લલચાવનારું ફળ જોયું. તેણે એક ભુખાળવા માફક તે ખાધું, પરંતુ તે ઝેરી હતું, અને આથી ભૂખ જે પોતે પીડા આપતી હતી તે, અને તે ભૂખ્યો નર, એમ બન્ને કાયમને માટે મરણમાં શાંત બની ગયાં.

(૪) શરીરમાં પડેલાં ઘા, યા રોગને કારણે બે પ્રકારનાં સૂક્ષ્મ જંતુઓ જેઓ શરીરની સુખાકારી કે રોગ માટે જવાબદાર હોઈ, તેઓની વચ્ચે શરીરમાં લડાઈ ચાલે છે; અને જેઓ સંખ્યા અને બળમાં વધુ હોય તેઓ જીતે છે. જો રોગનાં જંતુઓ હારે છે, ત્યારે તંદુરસ્તીનાં જંતુઓની જીત થાય છે. આ જ પ્રમાણે મનુષ્યમાં સારા અને ખરાબ વિચારો વચ્ચે, અને પૃથ્વીમાં સારા અને ખરાબ લોકો વચ્ચે, સંઘર્ષ ચાલે છે. પરીક્ષણોમાં સારા વિચારો દુષ્ટ વિચારો ઉપર જીત મેળવે તો તેનું પરિણામ આત્મિક તંદુરસ્તી અને ખરો આનંદ છે.

એક સમય જરૂર આવશે, જ્યારે પરમેશ્વરની કૃપાથી, મનુષ્ય પાપ ઉપર સંપૂર્ણ અને સનાતન જીત મેળવશે, અને દુષ્ટતાનો કાયમને માટે નાશ થશે.

# ૭. દુષ્ટ વિચારોની અસર અને જીવનો

(૧) 'એક ખરાબ મિત્રનું દુષ્ટ સૂચન કે વિચાર તે એક ઓકના ઝાડના કુમળા પાંદડામાં કોઈ જીવડાના નાના ડંખ જેવું છે; અને જ્યારે પાંદડું મોટું થાય છે ત્યારે તેની અસર પણ પાંદડામાં ફેલાયેલી હોય છે.' એક સાપને પોતાના ઝેરની અસર થતી નથી, પરંતુ બીજાં નિર્દોષ પ્રાણીઓને તેની અસર થાય છે. એક દુષ્ટ વિચારનો માણસ, જેનામાં પાપનું ઝેર વસેલું છે, તેને બીજા દુષ્ટ માણસથી કરાતી ઝેરી અસર, બીજા સારા માણસ ઉપર થાય તેવી અસર થતી નથી.

(૨) જાવાનું ઉપાસ વૃક્ષ અને અમેરિકાનો આઈવી નામનો વેલો એક પ્રકારનો બાધક રસ કે તેલ કાઢે છે જે વનને કારણે ચારે બાજુ પ્રસરે છે, અને તેમના વર્તુળમાં આવનારાઓમાં એક ભયજનક રોગ ફેલાવે છે. આમ કોઈ અજાણ રીતે દુષ્ટ માણસોના જીવનની દુષ્ટ અસર ચારે તરફ ફેલાય છે, અને ઘણાને આત્મિક રોગ લાગે છે અને મરણ પામે છે.

(૩) જોવામાં આવ્યું છે કે, મજબૂત ઈમારતી લાકડાને કોરી ખાનારાં જંતુઓ, અને ખડકોમાં છિદ્રો પાડનાર દરિયાઈ કીડાઓ બહુ જ નરમ અને નાજુક હોય છે, છતાં સમય જતાં તે સખત લાકડું અને પથ્થરનો સંપૂર્ણ વિનાશ કરે છે. આથી જો આપણે સંભાળ ન રાખીએ, અને ઈશ્વરની સહાયથી ભૂંડા વિચારોનો અને આદતોનો જે આમ બહુ નજીવાં લાગે છે તેઓનો નાશ ન કરીએ, તો તેઓ પેલાં કોરી ખાનારાં જંતુઓ માફક આપણા આત્મિક જીવનમાં કોટલાં સિવાય બીજું કંઈ બાકી રાખશે નહિ.

(૪) ઝેરી સાપ અને વીંછી જેવાં સરપટિયાં અને જંતુઓ બીજાને કરડે છે અને ઘાયલ કરે છે, અને પોતાની ઝેરની કોથળીઓમાંથી ઘામાં ઝેર રેડે છે, અને પીડા કે મૃત્યુ લાવે છે; પરંતુ માખી અને જીવાતો જે ભયજનક દેખાતાં નથી, તેઓ ઓછાં ભયંકર નથી, કારણ કે રોગનાં જંતુઓનાં વાહક તરીકે તેઓને બધે ફેલાવે છે, અને મોટા પ્રમાણમાં મૃત્યુ પમાડે છે. આથી આપણે ઘણી વ્યક્તિઓને ભયંકર ગુનેગારોના વર્ગમાં

નહિ મૂકીએ જેઓ એટલાં જ ભયંકર છે, કારણ કે બીજા ન સમજે તેમ તેઓ પોતાની લગામ વગરની જીભ વડે ભયંકર સિદ્ધાંતો અને અસરોનો રોગ ફેલાવે છે.

(૫) એક પ્રકારનું જંતુ કાચાં ફળોમાં છિદ્ર પાડે છે, અને ઈંડાં મૂકે છે, અને જેમ ફળ મોટું થાય છે તેમ છિદ્ર પુરાઈ જાય છે. પાછળથી ઈંડાં સેવાય છે અને નાજુક ઈયળો ફળમાંથી ખોરાક મેળવે છે, પણ બહારથી કંઈ જણાતું નથી. ફળ પાકે છે અને લલચાવે છે, પરંતુ અંદરથી તે પોલું અને નકામું છે. એ જ પ્રમાણે ભૂંડા વિચારો અને આદતો જેની આપણે બાળપણ અને યુવાનીમાં ટેવ પાડીએ છીએ, તે ધીમે ધીમે વધે છે, અને આપણા આત્માની અંદર કામ કરતાં આપણો આત્મિક સ્વભાવ ભ્રષ્ટ કરે છે. આથી જ આપણી બાલ્યાવસ્થાથી જ આપણે પાપ જે આપણી પ્રકૃતિને ભ્રષ્ટ કરે છે તેથી બચવા સંભાળ રાખવી જોઈએ.

મેક્સિકો દેશમાં એક પ્રકારની શીંગ થાય છે, જેને 'કૂદતી શીંગ' કહેવાય છે. તેની ઉપર જ્યારે સૂર્યની ગરમી પડે છે, ત્યારે તે જ્યાં સુધી કોઈ વૃક્ષ કે પથ્થરની છાયામાં ન આવે ત્યાં સુધી આમતેમ અમળાઈ-મરડાઈને કૂદતી રહે છે. આ વિચિત્ર હકીકતનું કારણ આ છે કે, કોઈક જંતુઓ તેનામાં છિદ્ર પાડીને પ્રવેશે છે અને અંદરથી ખોરાક મેળવીને જ્યાં સુધી અંદર પોલાણ હોય ત્યાં સુધી મોટું થાય છે. જ્યારે સૂર્યની ગરમી તે ઉપર પડે છે ત્યારે તે તેથી બચવા ફાંફાં મારે છે, અને શીંગને આમતેમ ફેરવતું રહે છે, અને આમ તે કોઈ છાયામાં આવી પડે છે, ત્યારે તેની લડત શાંત પડે છે. આ જ રીતે દુષ્ટ વિચારો અને ઈચ્છાઓ મનુષ્ય હૃદયમાં પ્રવેશ કરે છે, અને જ્યારે તેની પાપી પ્રવૃત્તિ ઉપર 'ન્યાયીપણાના સૂર્ય'નો પ્રકાશ પડે છે, ત્યારે પાપી અશાંત બને છે, અને અંધકારમાં છુપાવાની કોશિશ કરે છે, જ્યાં પરમેશ્વરનાં કિરણો પ્રકાશતાં નથી. આમ તે બાહ્ય અંધકારમાં જીવે છે, અને દૈવી પ્રકાશ અને ગરમી ગુમાવે છે.

(૬) પરમેશ્વરે મનુષ્યને પોતાની પ્રતિમા પ્રમાણે બનાવ્યું છે, અને આથી જો તે ઈશ્વરની એક શરત પૂરી કરે કે, પોતાની ઈચ્છા પ્રમાણેના

વર્તનમાં તે પાપના ફાંદામાં ન સપડાય તો તેને કોઈપણ નુકસાન કરી શકે તેમ નથી. જ્યારે પાપ કરીએ છીએ ત્યારે ઈશ્વરને તો કોઈ નુકસાન પહોંચાડી શકતા નથી, પરંતુ આથી પોતાની જાતને અને આપણા સંબંધમાં આવેલ બીજાઓને નુકસાન થાય છે. પ્રેમાળ ઈશ્વર ઈચ્છે છે કે, પાપના બધા જ પ્રકારથી આપણે પોતાને બચાવીએ, જેથી તેની સંગત ભોગવી શકીએ. પરંતુ પાપ આપણને ઈશ્વર સાથેના આ પવિત્ર સંબંધની બહાર રાખે છે. પછી અંદર અંદર એવો ગાઢ સંબંધ હોય છે કે, આપણું નુકસાન બીજાનું નુકસાન અને બીજાનું નુકસાન પોતાનું બને છે. આ શક્ય નથી, અને કદી શક્ય બનશે પણ નહિ, કે બીજાને નુકસાન પહોંચાડ્યા વગર આપણે ભૂંડું કરીએ. આપણા ભલાં યા ભૂંડાં કાર્યો વત્તાઓછા અંશે આપણા સાથી માનવબંધુઓને અસર કરે છે, અને આથી પસ્તાવાનો અર્થ આ છે કે, ભવિષ્યમાં આપણે ભૂંડાં કૃત્યોથી જે આપણને અને બીજાઓને હાનિકર્તા છે તેનાથી દૂર રહીશું, અને ઈશ્વરની મદદ અને કૃપાથી જેમ જાખી દાણીએ કર્યું તેમ, આપણે જે કર્યું છે તેનું નુકસાન ભરપાઈ કરી આપીશું. (લુક. ૧૯ : ૮-૧૦).

●

# ૮. પ્રભુ ઈસુ મય જીવન

(૧) લોહીમાં જીવન છે, અને પોતાનું લોહી વહેવડાવીને પ્રભુ ઈસુ આપણને જીવન બક્ષે છે. રોગ મટાડવા રસી મૂકવામાં આવે છે, એવી રીતે પોતાના લોહી મારફતે પ્રભુ ઈસુ આપણને પાપના ભયાનક રોગમાંથી અને મરણમાંથી છોડાવે છે. આખું વિશ્વ એક શરીર છે. દરેક અવયવનો સંબંધ શરીર સાથે છે, આથી, જો એક અવયવને દુઃખ થાય, તો આખુ શરીર દુઃખી બને છે. શરીરના કોઈ એક ભાગ ઉપર રસી મૂકવામાં આવે છે, પરંતુ તેની અસર આખા શરીરને થાય છે. આ રીતે જોકે પ્રભુ ઈસુને આ પૃથ્વીમાં જે દશ્ય અને અદશ્ય વિશ્વનો એક ભાગ છે તેમાં વધસ્તંભે જડવામાં આવ્યા હતા, છતાં તેના મરણથી આખા વિશ્વને અસર પહોંચી હતી. અને જોકે જગતના તારણને અર્થે તેને એક જ જગ્યા યરૂશાલેમમાં વધસ્તંભે જડાવ્યો, છતાં તેના બલિદાનમાં આખું વિશ્વ હિસ્સો લે છે. જે રીતે આત્મા આખા શરીરમાં પ્રસરેલો છે તે રીતે પરમેશ્વર પણ આખા વિશ્વમાં હાજર છે. સંત બોનાવેનટુરાએ આમ લખ્યું છે, 'તેનું મધ્યબિંદુ દરેક જગ્યાએ છે, પરંતુ તેનો પરિઘ કોઈ જગ્યાએ નથી.'

(૨) આપણાં પાપોને કારણે પ્રભુ ઈસુ પાપી બનાવાયો અને એક પાપીનું મરણ પામ્યો. એક ભલા માણસ વિષે કહેવાય છે કે તે દુષ્ટ માણસોની વચ્ચે રહેવા ગયો, જેથી તે તેઓને તેમના ભૂંડા માર્ગોથી છોડાવે. ઘણાએ વિચાર્યું કે, આ ઈશ્વરનો માણસ એ ટોળીમાંનો હોવો જોઈએ, અને જ્યારે એક મોટો ગુનો કરવામાં આવ્યો ત્યારે તે પણ તેઓનો સાથી છે એવો વહેમ તેને માટે કરવામાં આવ્યો. જ્યારે તેને મોતની સજા કરવામાં આવી, ત્યારે તેણે એ શિક્ષાનો આનંદથી સ્વીકાર કર્યો, તે ટોળીને ખબર હતી કે, તે બિલકુલ નિર્દોષ હતો, અને તેના મરણ પછી આ વિચારે તેઓ ઉપર એટલી બધી અસર કરી કે, એ પ્રભુનો માણસ તેમને ખાતર મૃત્યુને ભેટ્યો હતો, અને આથી તેઓમાંના ઘણાએ પોતાના

ભૂંડા માર્ગો અને કાર્યો તજી દીધાં. પ્રભુ ઈસુએ પણ આમ જ કર્યું. તેનું પરાક્રમ હંમેશાં સક્રિય છે, અને જ્યારે પાપીઓને તેના અજાયબ પ્રેમની અસર થાય છે, અને પસ્તાવો કરે છે, અને હૃદયો તેની ગમ ફેરવે છે; તે તેઓના હૃદયમાંથી દુષ્ટતાનાં મૂળ ઉખેડી નાંખે છે, અને તેઓને નવું જીવન બક્ષે છે, અને તેઓ તેના જેવાં નવાં માનવ બને છે.

(૩) ઈ.સ. ૧૯૨૧માં હિમાલયમાં દાવાગ્નિ ફાટી નીકળ્યો. જ્યારે ઘણાં મનુષ્યો અગ્નિ હોલવવાના કામમાં લાગેલાં હતાં, ત્યારે મેં ઘણાં માણસોને ઊભાં રહીને એક વૃક્ષ તરફ જોતાં જોયાં. મેં તેમને પૂછ્યું, 'તમે શું જુઓ છો ?' તેઓએ નાનાં બચ્ચાંઓથી ભરેલો એક માળો એક ઝાડ ઉપર બતાવ્યો, જેની ડાળીઓ સુધી આગ ફેલાઈ ગઈ હતી. એ માળા ઉપર એક પક્ષી બહુ જ દુઃખમાં આમતેમ ઊડતું હતું. તેઓએ કહ્યું, 'અમે ઈચ્છીએ છીએ કે, એ માળાને બચાવી શકીએ, પરંતુ આગને કારણે તેની પાસે જઈ શકતાં નથી.' હું જોતો રહ્યો, અને થોડી વારમાં માળો આગમાં ઝડપાયો. મને લાગ્યું કે, 'માદા-પક્ષી હવે ઊડી જશે' પરંતુ, ના, તેમ ન બન્યું. તે નીચે ઊડીને ગઈ અને પોતાની પાંખો બચ્ચાંઓ ઉપર ફેલાવી અને થોડી જ વારમાં તે પોતાનાં બચ્ચાંની સાથે ખાખ થઈ ગઈ. આવું મેં કદી જોયું ન હતું. પાસે ઊભેલાઓને મેં કહ્યું, 'આ અદ્ભુત પ્રેમથી આપણને નવાઈ લાગે છે; પરંતુ વિચારી જુઓ કે, જ્યારે આવું નાનું પક્ષી આવો પ્રેમ બતાવી શકે છે, ત્યારે જેણે આવો બિનસ્વાર્થી સ્વભાવ ઉત્પન્ન કર્યો તેનો પ્રેમ કેટલો વિશેષ અજાયબ હશે ! એ જ અનંત પ્રેમને કારણે તે સ્વર્ગમાંથી નીચે ઊતરી માનવ બન્યો, જેથી તેના બલિદાન મારફતે આપણે જેઓ પાપમાં મરી રહ્યાં હતાં તેઓને બચાવ્યાં.'

(૪) પ્રભુ ઈસુના દાવાની સત્યતાની સાબિતી અસંખ્ય વિશ્વાસીઓના અનુભવ ઉપર આધારિત છે. આપણી સાથેની તેની હાજરી કેટલી અગત્યની, દૈનિક જરૂરિયાતો માટે કેટલી યોગ્ય અને કેટલી જીવનદાયક છે, તેનો દરેક અનુભવી ખ્રિસ્તી સાક્ષીરૂપ છે.

ઈ.સ. ૧૯૨૨ માં હું જ્યારે એક મિત્ર સાથે પેલેસ્ટાઈનમાં મુસાફરી કરતો હતો ત્યારે હું યાકૂબનો કૂવો જોવા ગયો અને તેનું તાજું ઠંડું પાણી પીને તાજગી પામ્યો. પરંતુ એકાદ બે કલાક બાદ ફરીથી તરસ્યો થયો ત્યારે પ્રભુ ઈસુના શબ્દો જોરથી મારા મન ઉપર અથડાયા કે, 'જે કોઈ

આ પાણી પીએ તેને ફરી તરસ લાગશે; પણ જે પાણી હું આપીશ, તે જે કોઈ પીએ તેને કદી તરસ લાગશે નહિ; પણ જે પાણી હું તેને આપીશ તે તેનામાં પાણીનો ઝરો થશે, તે અનંતજીવન સુધી ઝર્યા કરશે.' (યોહાન ૪ : ૧૩-૧૪).

મેં હમણાં જ યાકૂબના કૂવાનું પાણી પીધું હતું અને ફરી તરસ લાગી હતી, પરંતુ હું ઘણી નમ્રતા અને આભારની લાગણી સહિત કહી શકું છું કે, છેલ્લાં ૨૦ વર્ષોથી જ્યારથી મેં મારું હૃદય પ્રભુ ઈસુને સોંપ્યું છે, અને તેણે જે પાણી આપ્યું તે પીધું, ત્યારથી મને તરસ લાગી નથી, કારણ કે પ્રભુ ઈસુ ખચીત 'જીવનનો ઝરો' છે.

(૫) પ્રભુ ઈસુના વ્યકિતત્વ અને શબ્દોમાં આત્મા તથા જીવન છે. (યોહાન ૬ : ૬૩). આ હકીકતના અનુસંધાનમાં ડૉ. પાર્કરે કહ્યું, 'પ્રભુ ઈસુ જે સમયે અને સ્થળે જીવ્યા અથવા ગમે તે સમય અને સ્થળ સાથે તેના ધાર્મિક સિદ્ધાંતોની તુલના કરો, અને જુઓ કે, તેના શબ્દો અને કાર્યોએ દુનિયામાં કેવું મહાન કાર્ય કર્યું છે. યાદ રાખો કે, સૌથી મહાન બુદ્ધિશાળીઓ, કે સૌથી મૂલ્યવાન હૃદયોએ, પ્રભુ ઈસુએ મનુષ્યો અને પરમેશ્વર તરફ જે સંપૂર્ણ પ્રેમનો સિદ્ધાંત આપ્યો છે તેના કરતાં ઉચ્ચતર હેતુ કે વધારે સાચી પદ્ધતિ બતાવ્યાં નથી. શું આપણે એમ કહી શકીએ કે આવી વ્યકિત કદી પણ જીવી ગઈ નથી-આખી વાર્તા જ જૂઠાણું છે ! ધારો કે પ્લેટો અને ન્યૂટન કદી પણ જીવી ગયા જ નથી. પરંતુ તેમણે જે અજાયબ કાર્યો કર્યા તે કોણે કર્યા અને તેમના વિચારો કોણે વિચાર્યા? કોણ ઈસુની બનાવટ કરી શક્યું હોત ? પ્રભુ ઈસુ સિવાય કોઈ જ નહિ.'

પાપ ઉપર જીત મેળવવા કે આવેશને કાબુમાં રાખવા કેવળ નૈતિક ફિલસૂફી-અધ્યાત્મવિદ્યા, બૌદ્ધિક શકિત કે સંસ્કૃતિ-કોઈ મદદ આપી શકે તેમ નથી. જો ઈશ્વરની કૃપા અને પરાક્રમ આપણને પ્રાપ્ત ન થયાં હોત, તો દુનિયાઈ શિક્ષણ અને સંસ્કૃતિ, આપણને મદદરૂપ બનવાને બદલે, પાપ કરવા નવા રસ્તા અને પદ્ધતિઓ શોધી કાઢવા, અને એકબીજાનો નાશ કરવામાં સહાયરૂપ બન્યાં હોત. આથી આ ઘણું જ જરૂરનું છે કે, પાપથી અને તેની અસરોથી બચવા, આપણે પોતાને તેના હાથમાં સોંપીએ જે આપણને સંપૂર્ણ અને મફત તારણ પમાડી શકે. ●

# ૯. અંતે તમામ મનુષ્યોનું ઈશ્વર તરફ પુનરાગમન થશે

(૧) 'આપણા મનના ઘડતર કે બંધારણ પ્રમાણે આપણને એક અનંત અને સનાતન શક્તિમાં વિશ્વાસ કરવાની ફરજ પડે છે.' (મેન્સલ)

ચકમકના પથ્થરમાં જેમ અગ્નિ રહેલો છે, તેમ માણસોનાં હૃદયોમાં ઈશ્વર સાથેની સંગતની ઝંખના રહેલી છે. આ ઈચ્છા પાપ અને અજ્ઞાનતાની ચકમક જેવી સખત સપાટી નીચે છુપાયેલી પણ હોય, પરંતુ ઈશ્વરી મનુષ્યના સંપર્કમાં આવવાથી, અથવા દેવના આત્માના સ્પર્શથી, તેનામાં રહેલી ઈચ્છા જેવી રીતે ચકમક અને લોઢાના ઘર્ષણથી થાય છે, તેમ તત્કાળ જવાળામાં પ્રગટે છે.

મનુષ્યના આત્મામાં એક ઝંખના અસ્તિત્વ ધરાવે છે, જે આ દુનિયામાં કે આવનાર દુનિયામાં સંતોષાઈ શકે નહિ, સિવાય કે ઈશ્વરમાં. આથી જ મનુષ્યો પોતાના આવેશમાં આમતેમ ધક્કા ખાધા બાદ, છેવટે પસ્તાઈને ઈશ્વર પાસે પાછા ફરે છે.

(૨) પરમેશ્વરની એ ઈચ્છા નથી કે આપણા મર્યાદિત જ્ઞાનની નબળી દલીલો મારફતે તેના અસ્તિત્વનો પુરાવો આપીએ. તેણે જો આમ ઈચ્છ્યું હોત, તો તે પોતે શાંત ન રહ્યો હોત. આપણે કલ્પી શકીએ તેના કરતાં પણ વધારે ખાતરીદાયક સાબિતી તેણે આપી હોત; પરંતુ તેની ઈચ્છા છે કે તેના લોકો જેઓએ તેની મીઠી અને જીવનદાયક હાજરીનો આનંદ અનુભવ્યો છે તેમણે તેની સાક્ષી આપવી જોઈએ, કારણ કે તેમની દલીલના પુરાવાઓ કરતાં તેમનો વ્યક્તિગત અનુભવ વધારે ખાતરીદાયક પુરાવો છે.

જોકે દરેક યુગમાં પરમેશ્વરે પ્રેરિતો અને પ્રબોધકો દ્વારા અને છેલ્લા કાળમાં પોતાના પુત્ર દ્વારા વાત કરી છે (હેબ્રી. ૧ : ૧-૨), છતાં તે પોતામાં કેવો છે તેવો કોઈએ તેને જોયો કે સાંભળ્યો નથી. ફિલોએ કહ્યું છે કે, 'મનુષ્યનો અવાજ સાંભળવા માટે છે. જે ઈશ્વર કહે છે તે કૃત્યમાં હોય છે, શબ્દોમાં નહિ.' એટલે કે, કુદરતના પુસ્તક દ્વારા અને

તેના સર્જન દ્વારા વાત કરે છે, પરંતુ દુઃખની વાત છે કે, આ પુસ્તક વાંચવાની તકલીફ લોકો લેતા નથી. હર્બર્ટ સ્પેન્સર લખે છે કે, "મનુષ્યો કેવી રીતે પોતાને ક્ષુદ્ર પ્રવૃત્તિમાં રોકી રાખે છે, અને સૌથી મહત્ત્વની અજાયબી તરફ લક્ષ આપતા નથી, તે જોઈને દુઃખ થાય છે. તેઓ આકાશના સ્થપતિ (Architect)ને સમજવાની દરકાર કરતા નથી, અને પૃથ્વીના પૃષ્ઠ ઉપર ઈશ્વરની આંગળીએ જે મહાકાવ્ય લખ્યું છે તે તરફ એક નજર પણ નાંખતા નથી.'

(૩) જો કોઈ મૂર્તિપૂજક પરમેશ્વરને બદલે પથ્થરને પૂજવાથી એક પ્રકારની શાંતિ અનુભવતો હોય, તો તેનો અર્થ એ નથી કે, એ પથ્થરમાં દિલાસો આપનાર શકિત રહેલી છે. આમ છતાં, કેટલાક માટે તો તે ઈશ્વર તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનું સાધન છે અને ઈશ્વર પણ તેમને તેમના વિશ્વાસ પ્રમાણે દિલાસો બક્ષે છે. પરંતુ એમાં બીક છે કે, ભક્તિ કરનાર એ રીતે આત્મિકતામાં આગળ વધતો નથી, અને ભૌતિક વાતાવરણની અસરથી પોતાને પથ્થરની જડતા જેટલો હલકો પાડશે. અને આ હાલતમાં તે પોતાને કે પથ્થરને ઉત્પન્ન કરનારને ઓળખશે નહિ જે પથ્થર પાછળ રહીને તેના હૃદયની તમામ આકાંક્ષાઓ પૂરી પાડી શકે છે.

(૪) મનુષ્ય ગમે તેટલો દુષ્ટ કે ખરાબ ચાલનો હોય, છતાં તેના હૃદયમાં એક દૈવી તણખો કે તત્ત્વ હોય છે, જે કદી પાપ તરફ ઢળતો નથી. તેનું અંતઃકરણ અને આત્મિક લાગણીઓ કુંઠિત અને મૃતપ્રાય બને, પરંતુ તે દૈવી તણખો હોલવાતો નથી. આથી જ નીતિભ્રષ્ટ ગુનેગારોમાં પણ હંમેશાં કંઈ સારું જોવામાં આવે છે. એવું જોવામાં આવ્યું છે કે, કેટલાક જેઓએ બહુ જ ઘાતકી રીતે અને પાશવતાભર્યા ખૂન કર્યા છે તેઓએ ઘણી વાર ગરીબો અને દુઃખીઓની સહાયતા કરી છે. જો આ દૈવી તણખો હોલવી શકાતો નથી, તો આપણે કોઈપણ પાપી માટે કદાપિ નિરાશ ન થઈ શકીએ. જો આપણે કહીએ કે, તે હોલવી શકાય છે, તો પાપને કારણે ઈશ્વરથી વિમુખ થવાનું દુઃખ અને નર્કની કઠોરતાની લાગણી કદી થશે નહિ, કારણ કે આ પીડા માટેની દુઃખ અને પશ્ચાત્તાપની લાગણી અનુભવવા માણસમાં આ તણખા સિવાય બીજું કંઈ જ નથી. આ લાગણી સિવાય નર્ક, નર્ક નહિ હોય, અને જો તેને દુઃખ થાય, તો તેની રિબામણને

કારણે વહેલા કે મોડા તે તેને પુનરુદ્ધાર માટે પરમેશ્વર પાસે આવવાની ફરજ પાડશે.

(૫) માણસ સ્વતંત્ર પ્રતિનિધિ છે, જે પોતાની સ્વતંત્રતાના ખોટા ઉપયોગથી પોતાને અને બીજાને ઘણું નુકસાન પહોંચાડી શકે છે, પરંતુ પોતાનું અસ્તિત્વ મિટાવી શકે કે દૈવી તણખો હોલવી શકે તેટલી હદે તે પોતાને હાનિ પહોંચાડી શકતો નથી. પરમેશ્વર સિવાય આમ કરવાની બીજા કોઈની શક્તિ નથી. પરમેશ્વર પોતે પણ તેનો વિનાશ કરશે નહિ, કારણ કે તેનો વિનાશ કરવાની તેની ઈચ્છા હોત, તો તેણે કદી તેનું સર્જન કર્યું ન હોત. અગર ઈશ્વર જો આમ કરે, તો તે આ બાબત પુરવાર કરે કે, તેણે પરિણામના પૂર્વજ્ઞાન કે પૂર્ણ મૂલ્યાંકન વગર એ કૃત્ય કર્યું છે, અને આ બાબત ઈશ્વરમાં હોય એવું વિચારવું પણ અશક્ય છે.

મનુષ્ય પોતાનો આત્મા ઉત્પન્ન કરી શકે કે તેનો નાશ કરી શકે નહિ. સરજનહારે દરેક પ્રાણીને કોઈ ખાસ હેતુ માટે ઉત્પન્ન કર્યું છે; અને જ્યારે મનુષ્ય માણસના આત્માને કે દૈવી તણખાનો નાશ કરી શકતો નથી, અને ઈશ્વર જ્યારે તેનો નાશ કરતો નથી, ત્યારે કોઈ સમયે, જે હેતુ માટે મનુષ્યનું સર્જન થયું છે, તે ખાતરીથી પૂર્ણ થશે, અને જો માણસ આમતેમ ખોટે માર્ગે ભટકી જાય, તો પણ છેવટે તે ઈશ્વર પાસે પાછો આવશે; કારણ કે તેને ઈશ્વરની પ્રતિમા પ્રમાણે બનાવવામાં આવ્યો છે, અને ઈશ્વરમાં જ તેનો અંતિમ મુકામ છે.

આ દૈવી તણખા સંબંધી ગિસલર લખે છે કે, 'દરેક મનુષ્યના આત્મા સાથે જ આ તણખો ઉત્પન્ન કરવામાં આવ્યો છે, અને તે તેઓ માટે ચોખ્ખો પ્રકાશ છે, અને પાપ સામે તે ઝઝૂમે છે, અને ધીમે ધીમે સદ્ગુણ તરફ લઈ જાય છે, અને જે મૂળમાંથી તે આવે છે, તે તરફ તેને પાછો ધકેલે છે.' શરીર આત્મા વડે જીવે છે, તે જ રીતે આત્મા ઈશ્વર વડે જીવે છે. 'જો હું, પૃથ્વી ઉપરથી ઊંચો કરાઈશ તો હું સઘળા મનુષ્યોને મારી તરફ ખેંચીશ.' (યોહાન ૧૨ : ૩૨).

પરમેશ્વરે મનુષ્યને પોતાની સંગત માટે બનાવ્યું છે, અને આથી તે હંમેશ માટે તેનાથી અલગ રહી શકતું નથી. ●

## (૧૦.) નૈતિકતા અને સુંદરતા

(૧) પરમેશ્વર તમામ નૈતિકતાનો પાયો અને જીવન છે, કારણ કે તે તમામ ભલાઈનું મૂળ છે. પરમેશ્વર સિવાયનું નૈતિક જીવન એક પથ્થર સમાન છે- સુંદર, છતાં ઠંડું અને નિર્જીવ. ફકત તે જ માણસ જે ઈશ્વર સાથેનો સંબંધ અતૂટ રાખે છે, તે જ તમામ ભલાઈ અને સત્યતામાં જે આત્માનું સૌંદર્ય છે તેમાં આગળ વધી શકે છે. પરંતુ જે માણસને પરમેશ્વરમાં વિશ્વાસ નથી તે એક રેતીના ઢગલા જેવો છે, જે આજે અહી તો કાલે ત્યાં ફેંકાય છે, કારણ કે પવનના સપાટા અને તોફાનનું દબાણ તેને આમતેમ ધકેલે છે, અને તેને કોઈ એક નક્કી જગ્યાએ રહેવા દેતા નથી.

(૨) પરમેશ્વરની હાજરીમાં રહેવાથી અને તેને ઓળખવાથી, આપણે આપણા અસ્તિત્વ અને પ્રકૃતિ વિષે પણ જાણી શકીએ છીએ, અને આ મદદ વગર આપણે આપણા અસ્તિત્વની વાસ્તવિકતા સંબંધી અજ્ઞાન રહીએ છીએ. ચાઈનીસ ફિલસૂફ ચુઆંગ ત્સુએ એક વખત કહ્યું : 'મને એક વાર સ્વપ્ન આવ્યું કે, હું પતંગિયું હતો, અને પતંગિયા માફક આમતેમ ઊડતો હતો. એકાએક હું જાગી ગયો. હું ફરીથી ત્યાં સૂતો. હવે હું જાણતો નથી કે તે વખતે હું પતંગિયું છું એવું સ્વપ્ન જોતો માણસ હતો, કે હવે હું પતંગિયું છું અને સ્વપ્ન જોઉં છું કે હું માણસ છું.' હવે, વિચારી જુઓ. જો માણસને તેના અસ્તિત્વ વિષે ખરું જ્ઞાન ન હોય, તો પછી સારા-માઠા કે ગુણ કે દુર્ગુણનો ભેદ કેમ સમજી શકે ?

(૩) ન્યાયીપણા અને નૈતિકતા માટે કનફ્યુસિયસના વિચિત્ર વિચારો હતા. એકાદ જાગીરદાર કનફ્યુસિયસ આગળ પોતાની જાગીરની ઉચ્ચ કક્ષાની નૈતિકતા અંગે બણગાં ફેંકતો હતો. તેણે કહ્યું, 'તમે અમારામાં ન્યાયી માણસો શોધી શકશો. જો કોઈ પિતાએ ઘેટું ચોર્યું હશે, તો તેનો દીકરો તેની વિરુદ્ધ સાક્ષી આપશે.' કનફ્યુસિયસે કહ્યું, 'મારા પ્રદેશમાં એના કરતાં જુદું ધોરણ છે. બાપ તેના દીકરાનો બચાવ કરશે, અને દીકરો

બાપનો બચાવ કરશે. આ પ્રમાણે ન્યાયીપણું શોધી કઢાશે.' કનફ્યુસિયસે વધુમાં કહ્યું, 'એક માણસ જે માનવ વર્તણૂંકના મુખ્ય સિદ્ધાંતોમાં ઠપકા રહિત હોય, તેને નાની બાબતોમાં દોષ પણ દઈ શકાય.' આ કથન સાથે પ્રભુ ઈસુનું શિક્ષણ સરખાવો, જેમાં તેણે કહ્યું કે, 'જે બહુ થોડામાં વિશ્વાસુ છે તે ઘણામાં પણ વિશ્વાસુ છે; અને જે બહુ થોડામાં અન્યાયી છે તે ઘણામાં પણ અન્યાયી છે.' (લુક ૧૬ : ૧૦). કનફ્યુસિયસે જે શિક્ષણ આપ્યું તે નકારાત્મક હતું, કે 'જેવું બીજાઓ તમને ન કરે, તેવું તમે તેમને ન કરો.' પ્રભુ ઈસુનું શિક્ષણ હકારાત્મક હતું કે, 'માટે જે જે તમે ચાહો છો કે બીજા માણસ તમને કરે, તે તે તમે પણ તેઓને કરો.' (માથ્થી ૭ : ૧૨). ઘણી બાબતો એવી છે કે, જે કરવી તે પાપ છે; પરંતુ ઘણી બાબતો એવી છે કે, જે ન કરવી તે પણ પાપ છે. દા.ત. દેવ ઉપર પૂરા હૃદય અને આત્માથી પ્રેમ કરવો, અને પોતાના જેવો પોતાના પાડોશી ઉપર પ્રેમ રાખવો.

(૪) ખરું આત્મિક સૌંદર્ય ઈશ્વરનો અમર્યાદિત પ્રેમ, મહિમા અને ભલાઈ છે; પરંતુ તે તેની સૃજેલી વસ્તુઓમાં હંમેશાં હાજર હોય છે, અને આથી ભૌતિક સૌંદર્યનાં જુદાં જુદાં સ્વરૂપોમાં તેનો સક્રિય ભાગ પ્રગટ થાય છે. બીજા શબ્દોમાં એમ કહી શકીએ કે, દુનિયામાં કે સર્જનમાં, ભૌતિક સૌંદર્ય તે આંતરિક કે છૂપા આત્મિક સૌંદર્યનું ચિત્ર છે, યા તેનું પ્રતિબિંબ પાડે છે. ઈમરસને કહ્યું છે કે, 'કુદરતનો દરેક દેખાવ તે એક માનસિક સ્થિતિ સાથે સંબંધ ધરાવે છે, અને તે માનસિક સ્થિતિનું વર્ણન તે કુદરતી દેખાવના ચિત્રની રજૂઆતથી થઈ શકે છે.' કેરીટ લખે છે કે, 'સૌંદર્ય મીઠા સમાન છે જેના વગર જીવન સ્વાદ વગરનું હોય છે.' અને આ સૌંદર્ય સત્ય અને ભલાઈનું પ્રકટીકરણ છે-પછી ભલે તે ફૂલમાં હોય કે ફળમાં, પર્વતમાં કે સરોવરમાં, ગદ્યમાં કે પદ્યમાં, કલા કે સંગીતમાં કે ભલાં કાર્યોમાં હોય. આ સૌંદર્ય જ્યારે આપણી સુષુપ્ત અને રુંધાયેલી લાગણી સુધી પહોંચે છે ત્યારે આપણે તેમાંથી આનંદ લૂંટી શકીએ છીએ, પરંતુ તે આનંદનો અનુભવ તેની કદર કરવાની આપણામાં રહેલી ક્ષમતા સુધી જ પહોંચે છે. દા.ત. પ્રબોધ કરવા જતા પ્રબોધકને સત્ય પ્રગટ

કરવામાં સંગીત મદદરૂપ નીવડ્યું. (૧ શમૂએલ ૧૦ : ૫. ૧૬ : ૨૩ અને ૨ રાજા ૩ : ૧૫), આપણને એમ લાગે છે કે સંગીતની મધુરતા આપણાં હૃદયોને સત્ય તરફ દોરે છે, અને જેઓમાં તેનાથી ઊંચે ચડવાની શક્તિ હોય છે તેઓને તેની ભક્તિ કરવામાં મદદ કરે છે.

(૫) નૈતિક્તા અને સુંદરતા વચ્ચેનો સંબંધ મૂળભૂત કે પાયાનો છે, કારણ કે બન્નેનું મૂળ સત્યમાં રહેલું છે, અને જેનામાં સત્ય રહેલું છે, તેના જીવનમાં આ બન્ને જોઈ શકાય છે. બીજાં પ્રાણીઓ અને નિર્જીવ પદાર્થમાં પણ સુંદરતા રહેલી છે. હવે, મનુષ્ય જે બીજાં પ્રાણીઓ કરતાં ચઢિયાતું છે, તેનામાં જો આ લક્ષણો ન હોય, તો તે નીચલી કક્ષાનાં પ્રાણીઓ કરતાં અને નિર્જીવ પદાર્થો કરતાં ઊતરતી કક્ષાનું છે, કારણ કે પાપે અદશ્ય રીતે તેનું નૈતિક મૂલ્ય ઘટાડી નાખ્યું છે.

જેઓનાં હૃદયોમાં સત્ય (પરમેશ્વર)નો વાસ છે, તેઓનાં જીવનોમાં સારા અને સુંદર જીવનની અસરો, સભાન કે અભાન રીતે પણ અનુભવી શકાશે.

એક વાર તિબેટને રસ્તે હું એક પર્વત પાસેના ગામ પાસે થોભ્યો. ત્યાંના લોકો નાહ્યા વગરના અને ઘણા ગંદા હતા. એક છોકરો મને બહુ ધ્યાનથી જોતો હતો. પછી તેણે મારા હાથ સાથે તેના હાથ સરખાવવા લાંબા કર્યા. તે કંઈ બોલ્યો નહિ, પરંતુ થોડા સમયમાં મેં તેને પાસેના નાળામાં હાથ ધોતો જોયો. પછી તે પાછો આવ્યો અને ફરીથી મારા હાથ સાથે પોતાના હાથ સરખાવી જોયા. મારા એક પણ શબ્દ વગર તેને મારા ચોખ્ખા હાથની છાપ પડી હતી, અને પોતાના હાથ પણ તેટલા જ ચોખ્ખા કરવાની ઈચ્છા તેનામાં ઉત્પન્ન થઈ હતી. આ જ રીતે આકાશવાસી પિતા સાથેના આપણા સંબંધને કારણે, આપણાં જીવનો આપણી ચારે બાજુનાં જીવનો ઉપર અદશ્ય રીતે અસર કરે છે. આથી એ કેટલું અગત્યનું છે કે, આપણાં જીવનોમાં આપણે આપણા આકાશમાંના બાપના સદ્‌ગુણો અને મહિમા બતાવીએ. (માથ્થી ૫ : ૧૬. ૧ પિતર ૨ : ૯).

# ૧૧. દેવનું રાજ્ય

(૧) આપણા પ્રભુએ કહ્યું છે કે, જ્યાં સુધી માણસ નવો જન્મ ન પામે ત્યાં સુધી તે દેવનું રાજ્ય જોઈ શકતો નથી. 'પ્રવેશવા'ની વાત તો એક બાજુએ રહી, પરંતુ તે રાજ્ય જોઈ શકશે નહિ. આપણી દૈહિક આંખો ફકત શારીરિક અને ભૌતિક પદાર્થ છે, પરંતુ ઈશ્વર આત્મા છે, અને તેને અને તેના આત્મિક રાજ્યને જોવા માટે આપણે આત્માથી જન્મવું જોઈએ. (યોહાન ૩ : ૫-૬), અને ત્યારે આપણી આત્મિક આંખો તેને જોઈ શકશે, એટલું જ નહિ, પરંતુ આપણે તેની સાથે રાજ્ય પણ કરીશું.

માણસ જ્યારે પાપનો પસ્તાવો કરીને દેવ ગમ ફરે છે ત્યારે દેવનો આત્મા તેનામાં કાર્ય કરે છે. તેનો નવો જન્મ થાય છે, અને તે નવું પ્રાણી બને છે, અને ત્યાંને ત્યાં જ અને ત્યારે જ તેનામાં દેવનું રાજ્ય કે સ્વર્ગ શરૂ થાય છે. પ્રભુ ઈસુએ વધસ્તંભ ઉપરના ચોરને કહ્યું, 'આજે તું મારી સાથે પારાદૈસમાં હોઈશ.' (લુક ૨૩ : ૪૩). આ બતાવે છે કે, પ્રભુ ઈસુને સ્વર્ગનું પૂરું જ્ઞાન અને સત્તા હતાં. તેમણે એમ ન કહ્યું કે, 'કદાચ થોડા સમય બાદ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ.' અથવા એમ ન કહ્યું કે, 'હું પહેલાં જઈને તારા માટે વ્યવસ્થા કરું', પરંતુ પોતાના કબજાની વસ્તુ માટે માલિક જેટલા હકથી વાત કરે છે તે રીતે તેણે મરતા ચોરને દિલાસો આપ્યો. અને પોતાના વધસ્તંભ ઉપરનું પ્રથમ ફળ પોતાની સાથે જ સ્વર્ગમાં લઈ ગયો. આમ જેઓ તેની સાથે પાપ અને દુનિયા સંબંધી વધસ્તંભે જડાયાં છે તેઓ તે જ દિવસે ફરીથી જન્મ પામ્યાં છે અને દેવના રાજ્યમાં કે પારાદૈસમાં પ્રવેશીને તેઓનાં હૃદયોમાં અજાયબ જેવો આનંદ અને શાંતિ અનુભવે છે. દુનિયાદારીની પ્રકૃતિવાળા મનુષ્યો પારાદૈસની શાંતિ અનુભવી શકતા નથી, કે નવો જન્મ કે દેવના રાજ્યનો અર્થ સમજી શકતા નથી.

(૨) પરમેશ્વર દરેક મનુષ્યને પસ્તાવો કરવાની અને નવો જન્મ પામવાની અને દેવના રાજ્યમાં પ્રવેશવાની તક આપે છે. તે જાણતો હતો કે યહૂદા ઈસ્કારીઓત કેવો માણસ હતો, અને કેવી રીતે તે તેને પરસ્વાધીન

કરવાનો હતો, છતાં તે તેની સાથે સખતાઈથી ન વર્ત્યો, પરંતુ તેની સાથે રહેવાની અમૂલ્ય તક આપી. કોઈપણ એમ કહી શકે નહિ કે, તેણે દુષ્ટ માણસને સુધરવાની તક ન આપી. પરંતુ યહૂદાએ તો મોટી મૂર્ખાઈ કરી કે, પસ્તાવો કરીને પ્રભુ ઈસુ પાસે પાછા આવવાને બદલે તે બહાર ગયો, અને ગળે ફાંસો ખાધો. આ દિવસોમાં ઘણા એવા છે જે યહૂદા માફક પાપ કરે છે, અને પારાદૈસ અને દેવના રાજ્યમાં પ્રવેશ પામવાને બદલે તેઓ પોતાને સ્થાને જાય છે, અને શિક્ષા પામે છે. (પ્રે. કૃ. ૧ : ૨૫).

'પોતાનું સ્થાન' કે નર્કનો અર્થ આ છે કે, એવી સ્થિતિ જેમાં મનુષ્ય ઈશ્વરને આજ્ઞાંકિત રહેવાને બદલે પોતાની સ્વતંત્ર બુદ્ધિના ઉપયોગથી પોતામાં જ પીડા પામવાની હાલત ઊભી કરે છે. નર્ક કોઈ ખાસ જગ્યાનું નામ નથી, કારણ કે જો તે કોઈ જગ્યા હોય તો, દેવ જે સર્વવ્યાપક છે તે નર્કમાં પણ હાજર હોય, અને આ તો કદી શક્ય જ નથી. નર્ક એવી હાલત છે જે દેવમાં અસ્તિત્વ ધરાવતી નથી અને સાચો ભાવિક જે દેવ સાથે આત્મિક બંધનમાં છે તેને પાપ અને પીડાની આ હાલતમાંથી હંમેશને માટે છુટકારો મળશે.

જ્યાં દેવ છે ત્યાં સ્વર્ગ કે દેવનું રાજ્ય છે, પરંતુ દેવનો વાસ સ્વર્ગ છે, માટે સ્વર્ગ પણ દરેક જગ્યાએ છે. આ જાણીને ખરા ભકતો દરેક જગ્યાએ અને દરેક પરિસ્થિતિમાં,, પછી ભલે તે દુઃખ યા કલેશની હોય, મિત્રોમાં કે દુશ્મનોમાં હોય, આ દુનિયામાં કે આવનાર દુનિયામાં હોય, પરંતુ સદા આનંદિત હોય છે; કારણ આ છે કે, તેઓ દેવમાં રહે છે, અને દેવ તેઓમાં સદાકાળ રહે છે; અને આ જ દેવનું રાજ્ય છે. (લુક ૧૭ : ૨૦-૨૧).

બાહ્ય રીતે, કોઈ પાપી આનંદ અને સુખચેનમાં રહેતો દેખાય, પરંતુ તે હૃદયની અશાંતિમાંથી છૂટી શકતો નથી. જો તે સ્વર્ગમાં જાય, તો તે પણ નર્ક સમાન હશે, કારણ કે તેના પોતાના હૃદયમાં જ નર્ક વસે છે. તેનું હૃદય બદલાઈને તે નવો જન્મ ન પામે ત્યાં સુધી તે દેવના રાજ્યમાં પ્રવેશ પામી શકતો નથી.

(૩) દેવનું રાજ્ય પ્રેમનું રાજ્ય છે. પરમેશ્વરના એક ભક્તે દર્શનમાં જોયું કે તે એક અજાણ્યા મુલકમાં પહોંચ્યો છે. તે જ્યારે ત્યાં પહોંચ્યો

ત્યારે તેને નવાઈ લાગી, કારણ કે ત્યાંના લોકોએ જાણે કે તે તેમનો ઘણા સમયનો ખોવાયેલો ભાઈ હોય, અથવા એક મિત્ર કે જે તેમની પાસે આવ્યો છે, તે પ્રમાણે બહાર આવીને આનંદથી તેને આવકાર આપ્યો. તે તેઓની સાથે શહેરમાં ગયો, અને કીમતી રાચરચીલાવાળાં આલિશાન ભવનો જોયાં. પરંતુ તેમના માલિકો તે ખુલ્લાં મૂકીને બહાર ગયા હતા. તેણે આ વિષે કેટલાકને પૂછ્યું, ત્યારે તેઓએ કહ્યું, 'આ જગ્યાએ કોઈ ચોર નથી. જ્યાં સુધી માણસોનાં હૃદયોનું દેવ સાથે તાળાનું બંધન છે ત્યાં સુધી, તેઓને ઘરના દરવાજે તાળાં મારવાં પડે છે; પરંતુ હૃદયદ્વાર જ્યારે ઈશ્વર માટે તાળા વગરનું ખુલ્લું છે, અને તે તેમાં વાસો કરે છે, ત્યારે કોઈ દરવાજે તાળું મારવું પડતું નથી; કારણ કે દેવનું રાજ્ય જ્યારે હૃદયમાં છે ત્યારે તે પ્રેમનું રાજ્ય છે, જ્યાં દરેક એકબીજાની પ્રેમથી સેવા કરે છે, અને તેઓનું ભલું ઈચ્છે છે. એક વાર અહી બે ભાઈઓ હતા. નાના ભાઈને લાગ્યું કે મોટા ભાઈને અમુક વાનાની જરૂર છે જેથી તે લઈને મોટા ભાઈના ઘેર જવા નીકળ્યો. એ જ સમયે મોટા ભાઈને પણ નાના ભાઈને મદદ કરવાનો વિચાર આવ્યો હતો. તેઓ ફકત પ્રેમથી દોરવાયા હતા, અને એકબીજાને કંઈપણ કહ્યા વગર સામેના ઘેર વસ્તુઓ લઈ જવા નીકળ્યા. તેઓ રસ્તા ઉપર મળ્યા. જ્યારે બન્નેએ એકબીજાનો બિનસ્વાર્થી પ્રેમ જોયો ત્યારે તેઓ એકબીજાને સાચા આનંદથી ભેટ્યા. આ રીતે આપણે એકબીજાને મદદ કરવી જોઈએ, અને આપણા બંધુઓનું ભલું તાકવું જોઈએ.'

આ મુસાફર થોડો આગળ ગયો. તેણે એક માણસ અને એક દૂતને સાચા ભાઈઓ માફક એકબીજાને મળતા અને પ્રેમના અવતાર પ્રભુ ઈસુની ભકિત કરતા જોયા. આ જોઈને આ મુસાફરનું હૃદય અવર્ણનીય પ્રેમ અને આનંદથી ભરાઈ ગયું, અને તત્કાળ તેણે કહ્યું, 'ખચીત આ દેવનું રાજ્ય અને આપણું સાચું સનાતન ઘર છે જે માટે મનુષ્યનું હૃદય લાલસા કરે છે.' જોકે માણસ જ્યારે પૃથ્વી ઉપર હોય છે ત્યારે તેના હૃદયમાં દેવનું રાજ્ય શરૂ થાય છે, છતાં તે આ જીવનની પેલી પાર એ હાલતમાં ચાલુ રહે છે, જ્યાં દુઃખ કે પીડા, આંસુ કે મરણ નથી, પરંતુ અનંતજીવન અને અતૂટ આનંદ છે. ●

## (૧૨.) સેવા અને ત્યાગ

(૧) ઉત્પન્ન કરવામાં અને ઉત્પન્ન કરેલને નિભાવવામાં ઈશ્વર હંમેશાં સક્રિય છે. (યોહાન ૫ : ૧૭). તેનાં કાર્યો કદી અટકતા નથી. જીવંત પ્રાણીઓમાં સતત રુધિરાભિસરણમાં અને શ્વાસોચ્છ્વાસની ક્રિયાઓમાં આપણે તે જોઈ શકીએ છીએ. નિર્જીવ પ્રાણીઓમાં પણ તે જોઈએ છીએ. હવામાં, પાણીમાં, પૃથ્વીમાં, સૂર્ય અને ચંદ્રમાં, જ્યારે તેઓ ઉત્પન્નકર્તાનો હેતુ સંપૂર્ણ કરે છે, ત્યારે એક વ્યવસ્થિત હિલચાલ હોય છે. તો પછી આપણે જેઓ દેવનાં સંતાનો કહેવાઈએ છીએ, અને ખરી રીતે તેનાં તમામ સર્જનોમાં હરેક રીતે શ્રેષ્ઠ છીએ, તેમણે ઈશ્વરે તેની કૃપા અને યોજના પ્રમાણે આપણને જે ખાસ કાર્ય સોંપ્યું છે તેમાં ઊતરતા કે આળસુ શા માટે માલૂમ પડીએ ?

(૨) શેતાન પાસે તેના કાર્યની મદદમાં ન્યાયી ઉદ્દેશનું પ્રેરકબળ હોતું નથી, આમ છતાં તે સતત કાર્ય કરતો રહે છે. લોકોને આડે માર્ગે ચઢાવવા તે રાતદિવસ કામ કરે છે. સર્પ, જેણે હવાને ભુલાવીને પાપમાં પાડી, તે હાથ-પગ વગર હજુ સરકતો રહે છે. માટે આપણે જેઓ સત્યને અનુસરનારાઓ છીએ, અને જેઓને પરમેશ્વર તરફથી કામગીરીનો આદેશ અને આત્માનું પરાક્રમ મળ્યાં છે જો આ આશીર્વાદિત કાર્ય માટે બેફિકરા રહીએ તો આપણે ખચીત શેતાન અને સર્પ કરતાં ઊતરતા છીએ. (એફેસી ૬ : ૧૦-૧૮). માટે આપણે પૂરા જાગ્રત અને સાવચેત રહીએ, અને ઈશ્વર પાસેથી બળ મેળવીએ જે વડે શેતાન અને દુષ્ટતા ઉપર જીત પામી શકીએ, અને આપણને સોંપેલું કાર્ય હાથ ધરવા અને પૂર્ણ કરવા વિશ્વાસુ બનીએ. (૨ તિમોથી ૪ : ૪-૫. યાકૂબ ૪ : ૭).

(૩) એક સૂફી કે રહસ્યવાદી પાસે મુસાફરીમાં થોડા ઘઉં હતા. થોડા દિવસ રસ્તાની મુસાફરી બાદ તેણે થેલો ઉઘાડ્યો તો તેમાં પુષ્કળ કીડીઓ હતી. તે ત્યાં બેઠો અને તેઓની દુર્દશા વિષે વિચારવા લાગ્યો, અને આ નાનાં જંતુઓ ઉપર દયા આવવાથી તે પાછો ફર્યો, અને તેઓ જ્યાંથી થેલામાં ચઢી હતી તે તેમના અસલ ઘેર તેમને પાછો લઈ ગયો. આ શક્ય છે કે, આવાં લાચાર જીવજંતુઓ માટે માણસ સહાનુભૂતિ બતાવે, પરંતુ આપણા જાતભાઈઓ જેઓને ઈશ્વરે પોતાની પ્રતિમા પ્રમાણે બનાવ્યા છે, અને જેઓ ઉડાઉ દીકરાની અને ખોવાયેલા ઘેટાની માફક ભટકી ગયા છે તેઓ તરફ શોચનીય રીતે સહાનુભૂતિમાં

અધૂરા કેમ માલૂમ પડીએ છીએ ? ખચીત આ આપણી ચોક્કસ ફરજ છે કે, એવાઓને આપણે ન્યાયના રસ્તામાં પાછા લાવીએ, અને પરમેશ્વર પિતાના સનાતન ઘેર પહોંચાડીએ.

એક વાર પર્વતોમાં મેં એક કીડીને ખોરાકની શોધમાં આમતેમ ભટકતી જોઈ. તેને એક બી મળ્યું જેનો તેણે માત્ર સ્પર્શ કર્યો, અને તરત પાછી ફરી. મને લાગ્યું કે તે બી કદાચ બગડેલું કે કડવું હશે, પરંતુ ના ! થોડી જ વારમાં તે પોતાના અનેક સાથીઓ સાથે પાછી ફરી પોતાના જ માટે તે ખોરાક લેવાની તેને ઈચ્છા ન હતી, પરંતુ બીજાઓ સાથે વહેંચીને ખાવું હતું.

સ્વાર્થી મનુષ્યોએ આ કીડીમાંથી પાઠ શીખવો જોઈએ. ઈશ્વર સાથેના જીવનથી જેઓને દરેક પ્રકારના આત્મિક આશીર્વાદ પ્રાપ્ત થયા છે તેઓએ, પરમેશ્વરના શબ્દો તેઓ પાસે લઈ જવા જોઈએ. જેઓએ તેના વિષે કદી સાંભળ્યું નથી, જેથી તેઓ પણ ઈશ્વરની સંગત, આશીર્વાદ અને સનાતન આનંદ મેળવે.

(૪) એક ગરીબ ફ્રેન્ચ શિલ્પીએ એક માટીનો સુંદર નમૂનો તૈયાર કર્યો હતો. તે રાત્રે ઘણી ઠંડી અને ધુમ્મસ પડ્યાં અને શિલ્પીને લાગ્યું કે ધુમ્મસની ભીનાશને કારણે તેનો નમૂનો બગડી જશે. આથી તે ઊઠ્યો અને પોતાનો કામળો નમૂનાની આસપાસ વીંટાળ્યો, અને ફરીથી જઈને સૂતો. સવારે માલૂમ પડ્યું કે તે મૃત્યુ પામ્યો હતો, પરંતુ, નમૂનો અકબંધ હતો. આપણામાં જ્યારે આવા લોક છે જેઓ પોતાના હાથના નિર્જીવ કાર્ય માટે જીવ આપે છે તો જે જીવંત આત્માઓ જેઓને ઈશ્વરે પોતાની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન કર્યા છે, તેઓ માટે આપણાં જીવન વાપરવા આપણે કેટલા વિશેષ તૈયાર હોવું જોઈએ ! (૧ યોહાન ૩ : ૧૬).

(૫) જ્યાં સુધી મીઠાનો ગાંગડો ઓગળે નહિ ત્યાં સુધી તે કઠોળના એક પણ દાણાને મીઠાવાળો બનાવી શકે નહિ; અને જ્યાં સુધી સૂર્યનાં કિરણો પર્વત ઉપરના બરફને ન પીગળાવે ત્યાં સુધી તે નીચે વહીને સૂર્યથી તપેલાં અને તરસ્યાં ખેતરોને પાણીથી તૃપ્ત ન કરી શકે. ઉપરાંત તે બરફ વાદળાં બનવા વરાળ બનીને ઉપર ખેંચાઈ શકે નહિ જ્યાંથી તે વરસાદરૂપે નીચે આવીને તરસી જમીનને લીલીછમ અને ફળવાન બનાવી શકે. આથી જો 'ન્યાયીપણાના સૂર્ય' ની અને પવિત્ર આત્માની ગરમીથી જો આપણે ન પીગળીએ, એટલે કે આપણી સ્વનકાર અને ત્યાગથી કસોટી ન કરવામાં આવે, તો ન તો આપણે તરસ્યા આત્માની તરસ છિપાવી શકીએ કે તેને 'જીવનના ઝરા' પાસે લાવી શકીએ જ્યાં તેને સંતોષ પ્રાપ્ત થાય અને કાયમને માટે જીવન મળે.

(૬) મુશ્કેલીઓ અને પરીક્ષણનો સામનો કર્યા વગર આપણે સરજનહાર અને તેનાં સરજેલાં પ્રાણીઓની સેવા ન કરી શકીએ, પરંતુ જ્યાં સુધી તેમનો મેળાપ ન કરીએ ત્યાં સુધી આત્મિક પ્રગતિ પણ ન કરી શકીએ. આ પૃથ્વીમાં કોઈ તેમનાથી મુકત (વિહોણા) નથી, અને જે કોઈ પરીક્ષણો સહન કરતો નથી તે એરિસ્ટોટલના શબ્દોમાં, 'કયાં તો પ્રાણી કે પરમેશ્વર છે.'

મુશ્કેલીઓ અને ઉપાધિઓ વધસ્તંભ જેવી છે જે આપણે ઊંચકવી જોઈએ; કારણ કે તે ઊંચકવાથી આપણને જીવન અને અસંખ્ય આશીર્વાદો પ્રાપ્ત થાય છે. જે પ્રમાણે પાંખો પક્ષીઓને ઊંચકે છે અને પક્ષીઓ પાંખોને ઊંચકે છે એ પ્રમાણે અનુભવ બતાવે છે કે જે આનંદની વધસ્તંભ ઊંચકે છે તેને વધસ્તંભ પણ ઊંચકી લઈને એવી જગ્યાએ સહીસલામત પહોંચાડે છે જે તેનો છેલ્લો મુકામ છે.

(૭) આ મુશ્કેલીઓમાં આપણે કૌટુંબિક અને બીજી ફરજોનો પણ વિચાર કરવો જોઈએ. કેટલાક આ સમજવામાં નિષ્ફળ નીવડે છે અને તેને એક બોજ કે નડતર સમાન ગણે છે. ફોલિગ્નોના એન્જેલોએ પોતાની માતાના, પતિના અને બાળકોનાં મૃત્યુ સમયે પોતાની જાતને 'અભિનંદન આપ્યાં', કારણ કે તે માનતી હતી કે, 'પરમેશ્વરના માર્ગમાં તેઓ મોટી નડતરરૂપ હતાં.' આ બધી ફરજો સ્વાર્થ-ત્યાગથી અદા કરવાનું કાર્ય, આપણા દિવસો પ્રાર્થનામાં, ઉપવાસમાં અને જાગૃતિમાં ગાળવા જેટલું જ ઈશ્વરની ઈચ્છા પ્રમાણેનું છે.

અનુભવ આપણને શીખવે છે કે, બીજાઓને મદદ કરવાથી આપણે પોતાને મદદ કરીએ છીએ, અને આપણા આત્મામાં એક અજબ શાંતિને પામીએ છીએ; અને આ હકીકત સ્પષ્ટ કરે છે કે, આપણને બીજાઓ સાથે ગાઢ સંબંધ છે, અને આપણી તમામ પ્રગતિ એ એકબીજાની મદદ અને સેવા ઉપર આધારિત છે. આને આપણા અસ્તિત્વના એક નિયમ તરીકે ગણી શકીએ; કારણ કે આપણે જો સ્વાર્થવૃત્તિનાં હોઈએ, અને આ નિયમની વિરુદ્ધ કાર્ય કરીએ, તો આપણને આપણા સ્વાર્થના ઝઘડાને કારણે આપણે એકબીજાનો નાશ કરીશું. સેવાના આ સિદ્ધાંતને આપણે આપણા જીવનના સોનેરી નિયમ તરીકે સ્વીકારીએ અને પ્રેમથી એકબીજાની સેવા કરીએ. સ્વનકાર વગર ઈશ્વરની સેવા કરવી અશક્ય છે, અને જેમ પ્રથમ પ્રકરણમાં બતાવવામાં આવ્યું છે તેમ આપણે પ્રથમ ગુપ્ત રીતે પ્રભુમાં જીવન જીવતાં શીખવું અને તેના ચરણમાં બેસીને પ્રેમના પાઠ શીખવા જોઈએ. ત્યારબાદ બહાર જઈને આપણા બાંધવો ઉપર, આપણા પોતા ઉપર કરીએ છીએ તે રીતે પ્રેમ કરીએ અને સેવા કરીએ. આમ કરીને આપણા જીવનમાં આપણે આપણા સરજનહાર પરમેશ્વરની ઈચ્છા અને હેતુ પરિપૂર્ણ કરીએ અને અનંતકાળ સુધી તેમ કરવાનું ચાલુ રાખીએ. ●

| | |
|---|---|
| □ વિલિયમ કેરી | ૧૨-૦૦ |
| □ દાનિયેલનું પુસ્તક | ૫-૦૦ |
| □ બાઈબલ અભ્યાસ ભાગ ૧ થી ૩ | ૩૨-૫૦ |
| □ વાટને વિસામે | ૩-૦૦ |
| □ સૌથી મહાન વિજેતા | ૨-૦૦ |
| □ બેનહૂર-ઐતિહાસિક નવલકથા | ૧૨-૦૦ |
| □ અંતરનાં અજવાળાં (બોધદાયી વાર્તા) | ૩-૦૦ |
| □ અજાયબ ભવિષ્યવચનો<br>મુક્તિયોજનાનાં સાત પર્વ | ૩-૦૦ |
| □ કબરને પેલે પાર | ૧-૫૦ |
| □ યુવાવસ્થા-સોનાની ખાણ | ૨-૦૦ |
| □ યોનેકો-પ્રસન્નતાની પુત્રી | ૪-૦૦ |
| □ રશિયા, ઈઝરાયલ અને બાઈબલ | ૧૨-૦૦ |
| □ ભજનસંગ્રહ | ૩૦-૦૦ |
| □ વહાલાં પંખીડાં | ૬-૦૦ |
| □ રાજરાજેશ્વર | ૭-૦૦ |
| □ એક યોગીનો નવો જન્મ | ૮-૦૦ |
| □ જીવનનાં જળ | ૩-૦૦ |
| □ આતમનાં ઓસડ | ૪-૦૦ |
| □ મુક્તિને માર્ગે | ૩-૦૦ |
| □ સચિત્ર બાઈબલ અભ્યાસ માર્ગદર્શિકા | ૧૫-૦૦ |
| □ યાત્રાકારી | ૭-૦૦ |
| □ ઈસુજીવનદર્શન | ૪-૦૦ |
| □ પવિત્રશાસ્ત્રનો વિશેષ નામકોશ | ૫૦-૦૦ |
| □ પવિત્રશાસ્ત્રનો અભ્યાસી | ૩૦-૦૦ |
| □ શાસ્ત્રપ્રતીકદર્શક કોશ | ૪૫-૦૦ |
| □ ધર્મનું તત્ત્વજ્ઞાન | ૪૦-૦૦ |
| □ ઈશ્વર વિદ્યાના મૂળતત્વો | ૩૫-૦૦ |
| □ આદિવાસી ગીતમાલા<br>□ જોષ જોવાનું પાપ<br>□ ડી. એલ. મૂડી<br>□ આત્મિક જીવન<br>□ આપણાં મધુરાં ગીતોનો અધૂરો ઇતિહાસ<br>□ ઈશ્વરનો સાક્ષાત્કાર<br>□ વહાલા પંખીડા : ભાગ-૨<br>□ ભલો ભરવાડ | પ્રેસમાં |